RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા — ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ પોષ વદ -૭ | શુક્રવાર, તા.૦૯-૦૧-૨૦૨૬ | અંક : ૧૬૧ વર્ષ : ૨૧ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# રશિયાએ અમેરિકાને આપી પરમાણુ હુમલાની ધમકી

## ઓઈલ ટેન્કર જપ્ત કરવામાં આવતા રશિયા વિફર્યું : અમેરિકાના પગલાને રશિયાના સંરક્ષણ સમિતિના વરિષ્ઠ સભ્ય અને સાંસદ એલેક્સી ઝુરાવલેવે ખુલ્લી ચાંચિયાગીરી ગણાવી



મોસ્કો

ઉત્તર એટલાન્ટિક મહાસાગરમાં અમેરિકી સેના દ્વારા રશિયન ફ્લેગ ધરાવતા ઓઈલ ટેન્કર ‘મરીનેરા’ને જપ્ત કરવામાં આવતા રશિયા અને અમેરિકા વચ્ચે ગંભીર સૈન્ય સંઘર્ષની સ્થિતિ સર્જાઈ હતી. રશિયાના સંરક્ષણ સમિતિના વરિષ્ઠ સભ્ય અને સાંસદ એલેક્સી ઝુરાવલેવે આ ઘટનાને ‘ખુલ્લી ચાંચિયાગીરી’ ગણાવી અમેરિકાને પરમાણુ હુમલાની ગંભીર ધમકી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે રશિયન ફ્લેગ હેઠળના જહાજ પરનો હુમલો એ રશિયન પ્રદેશ પરના હુમલા સમાન છે, અને રશિયાની સૈન્ય નીતિ આવી સ્થિતિમાં પરમાણુ શસ્ત્રોના ઉપયોગની મંજૂરી આપે છે.

રશિયન સાંસદે સોશિયલ મીડિયા પર આક્રમક નિવેદન આપતા કહ્યું કે, અમેરિકાને રોકવા માટે રશિયાએ સૈન્ય સ્તરે વળતો જવાબ આપવો જોઈએ. તેમણે ભલામણ કરી હતી કે રશિયાએ અમેરિકન કોસ્ટ ગાર્ડની બોટ પર ટોર્પિડોથી હુમલો કરી તેને ડૂબાડી દેવી જોઈએ. ઝુરાવલેવે આક્ષેપ કર્યો હતો કે વેનેઝુએલામાં કરેલી કાર્યવાહી બાદ અમેરિકા બેફામ બન્યું છે અને તેને પાઠ ભણાવવો જરૂરી છે. અહેવાલો છે કે આ જપ્ત કરાયેલા જહાજની આસપાસ રશિયન સબમરીન અને અન્ય યુદ્ધ જહાજો પહેલેથી જ તૈનાત હોવાથી સમુદ્રમાં ગમે ત્યારે અથડામણ થવાની ભીતિ સેવાઈ રહી છે.બીજી તરફ, અમેરિકાના યુરોપિયન કમાન્ડે દાવો કર્યો છે કે આ ટેન્કર અમેરિકી પ્રતિબંધોનું ઉલ્લંઘન કરી રહ્યું હતું. વેનેઝુએલા નજીક પખવાડિયા સુધી પીછો કર્યા બાદ, અમેરિકી ફેડરલ કોર્ટના વોરંટના આધારે કોસ્ટ ગાર્ડ દ્વારા આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. અમેરિકાના મતે, આ જહાજ અગાઉ વર્ષ ૨૦૨૪ માં પ્રતિબંધિત કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ તેનું નામ બદલીને ‘મરીનેરા’ રાખવામાં આવ્યું હતું. રશિયાના પરિવહન મંત્રાલયે આ કાર્યવાહીની નિંદા કરતા જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ ખુલ્લા સમુદ્રમાં કોઈ પણ દેશ અન્ય દેશના જહાજ પર બળપ્રયોગ કરી શકે નહી. અત્રે ઉલ્લેખનીય છે કે બંને દેશો પાસે વિશાળ પરમાણુ શસ્ત્રાગાર હોવાથી આ ઘટના વૈશ્વિક સ્તરે ચિંતાનો વિષય બની છે. રશિયાએ સ્પષ્ટ કર્યું છે કે ૨૪ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ આ જહાજને રશિયન ધ્વજ હેઠળ સફર કરવાની કામચલાઉ મંજૂરી આપવામાં આવી હતી અને અમેરિકાએ આંતરરાષ્ટ્રીય જળસીમાની બહાર જઈને આ જહાજ પર કબજો કર્યો છે. હાલમાં આ જહાજ સાથેનો સંપર્ક તૂટી ગયો છે, જેને રશિયા પોતાની રાષ્ટ્રીય સુરક્ષા અને હિતો પર સીધો પ્રહાર ગણાવી રહ્યું છે.

# વેનેઝુએલા બાદ હવે મેક્સિકોમાં ડ્રગ કાર્ટેલ્સ વિરૂધ્ધ અમેરીકા જમીની કાર્યવાહી કરશે

## દરિયાઈ માર્ગે ડ્રગ્સની થતી હેરાફેરી બાદ હવે ડ્રગ્સ માફીયાઓ વિરુદ્ધ જમીની કાર્યવાહી કરવા અમેરિકાની તૈયારી

વોશિંગ્ટન

વેનેઝુએલામાં સૈન્ય કાર્યવાહી બાદ, હવે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પાડોશી દેશ મેક્સિકોમાં ડ્રગ કાર્ટેલ્સ વિરુદ્ધ જમીની કાર્યવાહી શરૂ કરવાની જાહેરાત કરી છે. પ્રમુખ ટ્રમ્પે આરોપ લગાવ્યો છે કે મેક્સિકો પર ડ્રગ તસ્કરોનું રાજ છે, જેઓ દર વર્ષે અમેરિકામાં ૩,૦૦,૦૦૦ લોકોના મોત માટે જવાબદાર છે. આ જાહેરાત બાદ અમેરિકા અને મેક્સિકો વચ્ચે તણાવ વધવાની પૂરી સંભાવના છે.

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ’ટ્રુથ સોશિયલ’ પર એક પોસ્ટમાં લખ્યું, "અમે હવે ડ્રગ તસ્કરો વિરુદ્ધ જમીની કાર્યવાહી શરૂ કરવા જઈ રહ્યા છીએ. મેક્સિકો પર ડ્રગ તસ્કરોનું રાજ છે. તે દેશની હાલત જોઈને ખૂબ જ દુઃખ થાય છે, પરંતુ ડ્રગ તસ્કરોનું રાજ છે અને તેઓ દર વર્ષે આપણા દેશમાં ૩,૦૦,૦૦૦ લોકોનો જીવ લઈ રહ્યા છે." આ પહેલા, ગુરુવારે રાત્રે ફોક્સ ન્યૂઝને આપેલા એક ઈન્ટરવ્યુમાં, ટ્રમ્પે દાવો કર્યો હતો કે અમેરિકાએ દરિયાઈ માર્ગે થતી ડ્રગ્સની તસ્કરી પર ૯૭% સુધી સફળતા મેળવી લીધી છે અને હવે તેમનું ધ્યાન જમીની માર્ગો પર કેન્દ્રિત થશે.ટ્રમ્પના આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે મેક્સિકોના પ્રમુખ ક્લાઉડિયા શીનબામે અમેરિકાની કોઈપણ પ્રકારની સૈન્ય કાર્યવાહીને સખત રીતે નકારી કાઢી છે. આ સપ્તાહની શરૂઆતમાં, શીનબામે સ્પષ્ટ કહ્યું હતું કે મેક્સિકો સુરક્ષા મામલાઓમાં અમેરિકા સાથે સહયોગ કરશે, પરંતુ ફક્ત એ જ શરતો પર જે દેશની સાર્વભૌમત્વ અને

જ્યારે તેમને ટ્રમ્પના નિવેદનો વિશે પૂછવામાં આવ્યું, ત્યારે શીનબામે કહ્યું, "અમેરિકન પ્રમુખ પહેલા પણ ઘણી વખત મેક્સિકોમાં અમેરિકાની સેનાની ભૂમિકાની વાત ઉઠાવી ચૂક્યા છે, જેને અમારી સરકારે દ્રઢતાથી નકારી છે. મેક્સિકોમાં જનતાનું શાસન છે અને અમે એક સ્વતંત્ર, સ્વાયત્ત અને સાર્વભૌમ દેશ છીએ. સુરક્ષાના મુદ્દે સહયોગ માટે અમારી હા છે, પરંતુ આધીનતા અને હસ્તક્ષેપ અમને સ્વીકાર્ય નથી.

# ભારતમાં વાહન અકસ્માતો રોકવા હવે વ્હીકલ ટુ વ્હીકલ પોલિસી અપનાવાશે

## સ્લીપર બસમાં આગ લાગતી રોકવા કેન્દ્રીય પરિવહન મંત્રીએ આપ્યો આદેશ : સ્લીપર બસ અકસ્માત બાદ આગની ઘટના રોકવા પગલું : કેટલાક અકસ્માત કેસની તપાસ સીબીઆઈ કરશે

નવી દિલ્હી

દેશમાં વધતી સડક દુર્ઘટના અને સ્લીપર બસ બનાવવામાં આવતી બેદરકારીના કારણે બની ઘટના રોકવા કેન્દ્રીય માર્ગ, પરિવહન પ્રધાન નીતિન ગડકરીએ મોટું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે, કેટલાક કેસની તપાસ સીબીઆઈ કરશે. પ્રાઈવેટ બસ બોડી બિલ્ડર્સ દ્વારા સ્લીપર બસ બનાવતી વખતે દાખવવામાં આવતી બેદરકારી, સુરક્ષા માપદંડ પૂરા ન કરવા છતાં ફિટનેસ સર્ટિફિકેટ આપવું તથા અન્ય પ્રકારના કૌભાંડની આશંકાને જોતા કેટલાક કેસની તપાસ સીબીઆઈને કરવા ભલામણ કરવામાં આવશે.

તેમણે કહ્યું કે, અમારા ઘણા પ્રયત્ન પછી પણ માર્ગ અકસ્માતમાં ઘટાડો થવાના બદલે વધારો થઈ રહ્યો છે. છેલ્લા ત્રણ મહિનામાં રાજસ્થાન સહિત અન્ય રાજ્યોમાં સ્લીપર બસમાં આગ લાગવાની પાંચથી છ ઘટના સામે આવી છે. જેમાં ૧૪૦ થી વધુ લોકોના મૃત્યુ થયા છે. અમે કોઈપણ પ્રકારની માફી કે અવગણના કરવાના મૂડમાં નથી. આ બાબતો પર અંકુશ લાવવો જરૂરી છે.આ મામલે મંત્રાલય દ્વારા રાજસ્થાન સરકારને પત્ર લખીને પૂછવામાં આવ્યું છે કે, આવી દુર્ઘટનાઓ માટે કોણ જવાબદાર છે, કયા પ્રકારની બેદરકારી દાખવવામાં આવી હતી. અમે જવાબદાર અધિકારીઓને પણ છોડીશું નહી.

આ ઉપરાંત જ્યારે પણ આવા કેસ સામે આવશે ત્યારે જવાબદાર અધિકારીઓ સામે કડકમાં કડક પગલાં ભરવામાં આવશે.આ ઉપરાંત કેન્દ્રીય પ્રધાન ગડકરીએ કહ્યું કે, વાહનોની પરસ્પર ટક્કર થતી રોકવા માટે વ્હીકલ ટુ વ્હીકલ સિક્યોરિટી ફીચર પર કામ કરવામાં આવી રહ્યું છે. આ ટેકનિકથી કારોની સ્પીડ, અચાનક બ્રેક લગાવવી, ગાડી ઉભી રાખવી અને લોકેશન આપવું જેવી રિયલ ટાઈમ જાણકારી શેર થશે. જેનાથી ટક્કરથી બચી શકાશે.

# પશ્ચિમ બંગાળના રાજ્યપાલને જાનથી મારી નાખવાની મળી ખુલ્લી ધમકી

## બોમ્બ દ્વારા ઉડાવી દેવાની ઈમેલ મારફત ધમકી આપનારે પોતાનો મોબાઈલ નંબર પણ આપ્યો



કોલકાતા

પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝને એક ઈમેલ દ્વારા જીવથી મારી નાખવાની ધમકી મળતા ખળભળાટ મચી ગયો હતો. રાજભવનના વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, અજાણ્યા શખ્સે ઈમેલમાં રાજ્યપાલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપી હતી. ચોંકાવનારી બાબત એ છે કે મોકલનાર આરોપીએ ઈમેલમાં પોતાનો મોબાઈલ નંબર પણ આપ્યો હતો. આ ગંભીર મામલે રાજ્યના ડીજીપીને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી અને આરોપીની ધરપકડ કરવાના આદેશો આપવામાં આવ્યા હતા. મુખ્ય પ્રધાન મમતા બેનર્જી અને કેન્દ્રીય ગૃહ મંત્રાલયને પણ આ ઘટના અંગે વિગતવાર જાણકારી આપી દેવામાં આવી હતી.

રાજ્યપાલને મળેલી આ ધમકી બાદ તેમની સુરક્ષામાં ધરખમ વધારો કરવામાં આવ્યો હતો. સીવી આનંદ બોઝને પહેલેથી જ ઝેડ-પ્લસ સુરક્ષા મળી રહી છે, પરંતુ હવે તેમની સુરક્ષા માટે વધારાના કેન્દ્રીય પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા. હાલમાં લગભગ ૬૦ થી ૭૦ સીઆરપીએફ અને રાજ્ય પોલીસના જવાનો સંયુક્ત રીતે તેમની સુરક્ષા વ્યવસ્થા સંભાળી રહ્યા છે. સુરક્ષા એજન્સીઓ આ ઈમેલના મૂળ સુધી પહોંચવા માટે ટેકનિકલ તપાસ ચલાવી રહી છે.

# પાકિસ્તાનના વડાપ્રધાન વિરુદ્ધ બલુચિસ્તાનની નિર્વાસિત સરકારે ધરપકડ વોરંટ ઈસ્યૂ કર્યું

## શાહબાઝ શરીફે બલુચિસ્તાનના વિઝા નિયમોનું ઉલ્લંઘન કરવા મામલે ધરપકડ વોરંટ ઈસ્યૂ કરતા પાકિસ્તાનના રાજકારણમાં ખળભળાટ

ઈસ્લામાબાદ

પાકિસ્તાનના રાજકારણમાં અત્યારે ભારે હલચલ મચી ગઈ છે. સામાન્ય રીતે કોઈ દેશના વડા પ્રધાન વિરુદ્ધ તેમના જ દેશમાં કે અન્ય સંસ્થાઓ દ્વારા કાર્યવાહી થતી હોય છે, પરંતુ આ વખતે મામલો કંઈક અલગ છે. પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ વિરુદ્ધ બલુચિસ્તાનની ‘નિર્વાસિત સરકાર’ દ્વારા ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યું છે. આ ઘટનાને પગલે પાકિસ્તાનની આંતરિક સુરક્ષા અને બલુચિસ્તાન મુક્તિ આંદોલનની ઉગ્રતા ફરી એકવાર વિશ્વના મંચ પર ચર્ચાનું કેન્દ્ર બની છે.

આ ધરપકડ વોરંટ જારી કરવા પાછળનું કારણ અત્યંત ચોંકાવનારું છે. બલુચિસ્તાનની નિર્વાસિત સરકારનો આરોપ છે કે શાહબાઝ શરીફે બલુચિસ્તાનના વિઝા નિયમોનું ઉલ્લંઘન કર્યું છે. બલૂચિસ્તાન રિપબ્લિકના નેતા મીર યાર બલોચે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આ અંગેની સત્તાવાર જાહેરાત કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે, પાકિસ્તાનના વડા પ્રધાને બલુચિસ્તાનની સંપ્રભુતાને જાણીજોઈને ગંભીર નુકસાન પહોંચાડ્યું છે અને તેના કારણે તેમની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

# ઈરાનમાં મધ્યરાત્રિએ ૫૦ શહેરોમાં હજારો લોકો રસ્તા પર ઉતરી આવ્યા : વાહનો અને સરકારી ઈમારતો સળગાવી

## ટ્રમ્પની ધમકી અને ઈરાન દ્વારા એરસ્પેસ બંધ કરવાના નિર્ણયથી ખાડી દેશોમાં તણાવ ચરમસીમા પર

તહેરાન

ઈરાનમાં છેલ્લા ૧૨ દિવસથી ચાલી રહેલા વિરોધ પ્રદર્શને અતી ગંભીર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ગુરુવારે રાત્રે ઈરાનથી નિર્વાસિત ક્રાઉન પ્રિન્સ રઝા પહલવીએ લોકોને રસ્તા પર આવવાની અપીલ કરતાની સાથે જ ઈસ્લામિક રિપબ્લિક સામે જુવાળ ઉમટી પડ્યો હતો. રાજધાની તેહરાન સહિત દેશના અંદાજે ૫૦ થી વધુ શહેરોમાં લોકોએ રેલીઓ કાઢી હતી.

આ પ્રદર્શનોમાં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, લોકો રઝા પહલવીના સમર્થનમાં નારા લગાવી રહ્યા હતા. મળતી વિગતો અનુસાર, ગુરુવારે રાત્રે ઈરાનમા ચાલી રહેલા વિરોધ પ્રદર્શને એટલું ગંભીર સ્વરૂપ ધારણ કરી લીધું હતું કે તેને રોકવું કઠણ થઈ પડ્યું હતું. સ્થિતિ એટલી હદે વણસી ચુકી હતી કે ઈરાને મોડી રાત્રે તેના એરસ્પેસને બંધ કરવાની ફરજ પડી છે અને



અનેક વિસ્તારોમાં ‘નોટિસ ટુ એરમેન’ જારી કરવામાં આવી છે. અહેવાલો મુજબ, સંભવિત ખતરાને ધ્યાનમાં રાખીને ઈરાને તેની સંરક્ષણ પ્રણાલી પણ સક્રિય કરી દીધી છે.ઈરાનની આ આંતરિક અશાંતિ વચ્ચે આંતરરાષ્ટ્રીય દબાણ પણ વધ્યું છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈસ્લામિક શાસનને કડક શબ્દોમાં ચેતવણી આપી છે કે પ્રદર્શનકારીઓ સામે બળપ્રયોગ કરવામાં ન આવે. ટ્રમ્પની આ ધમકી અને ઈરાન દ્વારા એરસ્પેસ બંધ કરવાના નિર્ણયથી ખાડી દેશોમાં તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે.

# યુએસમાં ICE અધિકારીએ માથામાં ગોળી મારી મહિલાની હત્યા કરી

મિનિયાપોલિઃ

ટ્રમ્પનાં આદેશ ઈમિગ્રન્ટ્સ સામે કરવામાં આવી રહેલી કાર્યવાહી દરમિયાન મિનેસોટા રાજ્યના મિનિયાપોલિસમાં એક ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) અધિકારીએ એક મહિલાને માથામાં ગોળી મારી હત્યા નીપજાવી, જેને કારણે ખળભળાટ મચી ગયો છે. અધિકારીઓ દલીલ આપી કે તેણે સ્વ-બચાવમાં ગોળીબાર કર્યો હતો, જ્યારે શહેરના મેયરે આ કાર્યવાહીને બેદરકાર અને બિનજરૂરી ગણાવી છે.

ડાઉનટાઉન મિનિયાપોલિસના દક્ષિણમાં આવેલા એક રહેણાંક વિસ્તારમાં ICE અધિકારીએ ૩૭ વર્ષીય મહિલા કાર ચાલકને તેના પરિવારના સભ્યની સામે માથામાં ગોળી મારી હતી. આ જગ્યા ઈમિગ્રન્ટ બજારોથી થોડા બ્લોક દૂર છે, જ્યાં વર્ષ ૨૦૨૦ માં પોલીસ દ્વારા જ્યોર્જ ફ્લોયડની હત્યા કરવામાં આવી હતી. ત્યાર બાદ બ્લેક લાઈવ્સ મેટર ચળવળ શરુ થઈ હતી. મહિલાની હત્યા બાદ લોકોમાં રોષની લાગણી છે, રાષ્ટ્રીય સ્તરે પ્રદર્શનો થવાની શક્યતા છે.

અહેવાલ મુજબ મૃતક મહિલાની ઓળખ રેની નિકોલ મેકલિન ગુડ તરકે થઈ, તેને ૬ વર્ષનું બાળક છે. સોશિયલ મીડિયા પર મેકલિન ગુડ પોતાને “કવિ અને લેખક, પત્ની અને માતા” ગણાવતી હતી, તે મૂળ કોલોરાડોની હતી.

અહેવાલ મુજબ બુધાવરે સવારે ૯:૩૦ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી, સમગ્ર ઘટનાક્રમ કેમેરામાં કેદ થઈ ગઈ છે. મહિલાની હત્યા થતા લોકોમાં સ્થાનિક લોકોમાં રોષનો માહોલ છે.

જવાબદાર ICE અધિકારી સામે કર્યવાહીની માંગ સાથે પ્રદર્શનકારીઓ ઉમટી પડ્યા હતાં. મહિલાના મૃત્યુ પર શોક વ્યક્ત કરવા અને શ્રદ્ધાંજલિ પાઠવવા સેંકડો લોકો હાજર થયા હતાં.

સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા વીડિયોમાં જોવા મળે છે કે એક ICE અધિકારી રસ્તાની વચ્ચે ઉભેલી SUV કાર પાસે આવે છે, તે ડ્રાઈવરને દરવાજો ખોલવા જણાવે છે અને હેન્ડલ પકડી લે છે. કાર થોડી આગળ વધે છે અને કારની સામે ઉભેલો એક બીજો ICE અધિકારી હથિયાર બહાર કાઢે છે અને બે વાર ગોળીબાર કરે છે. ગોળીબાર બાદ SUV કાર આગળ પાર્ક કરેલી બે કાર સાથે અથડાય છે.ઘટનાસ્થળના વધુ એક વીડિયોમાં મેકલિન ગુડની જીવન સાથી તેની પાસે રડતી જોવા મળે છે. મહિલાની ઓળખ જાહેર કરવામાં આવી નથી, બંને તાજેતરમાં જ મિનેસોટા આવ્યા હતાં.

હોમલેન્ડ સિક્યુરિટી સેક્રેટરી ક્રિસ્ટી નોએમ જણાવ્યું કે મહિલાએ ICEના અધિકારીને કચડી નાખવાનો પ્રયાસ કર્યો હતો અધિકારીએ સ્વબચાવમાં આ કાર્યવાહી કરી.

# સભા પહેલાં સુરતમાં ભારે હોબાળો; મુસ્લિમ ટોપીવાળા પોસ્ટરો પર શાહી ફેંકી ઉગ્ર વિરોધ

## આપ નેતાઓના મુસ્લિમ ટોપી પહેરેલા એડિટ કરેલા પોસ્ટરો જાહેર સ્થાનો પર લગાવવામાં આવતા વિશ્વ હિન્દુ પરિષદ મેદાનમાં આવ્યું



સુરત,
દક્ષિણ ગુજરાતના રાજકારણમાં ફરી એકવાર ગરમાવો આવ્યો છે. સુરતના ગોડાદરા વિસ્તારમાં આમ આદમી પાર્ટીની 'પરિવર્તન સભા' પૂર્વે જ મોટો વિવાદ સર્જાયો છે. આપ નેતાઓના મુસ્લિમ ટોપી પહેરેલા એડિટ કરેલા પોસ્ટરો જાહેર સ્થાનો પર લગાવવામાં આવતા વિશ્વ હિન્દુ પરિષદ મેદાનમાં આવ્યું છે. વીએચપી કાર્યકર્તાઓએ આ પોસ્ટરો પર કાળી શાહી ફેંકી, તે ફાડી નાખીને પોતાનો આક્રોશ ઠાલવ્યો છે.

ગોડાદરા વિસ્તારમાં ઠેર-ઠેર આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, ચૈતર વસાવા અને મનોજ સોરઠિયાના ફોટા ધરાવતા પોસ્ટરો લગાવવામાં આવ્યા હતા. આ પોસ્ટરોમાં વિવાદનું મુખ્ય કારણ બે બાબતો હતી. તમામ નેતાઓના માથા પર મુસ્લિમ ટોપી પહેરેલી હોય તેવા ફોટા એડિટ કરીને મૂકવામાં આવ્યા હતા.

પોસ્ટર પર નિમંત્રક તરીકે "મીઠી ખાડી મુસ્લિમ સમાજ"નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સ્થળ હિન્દુ બહુમતી ધરાવતો વિસ્તાર હોવાથી અને તેમાં મુસ્લિમ સમાજ તરફથી આમંત્રણ પાઠવતા આવા પોસ્ટરો જોઈને સ્થાનિક હિન્દુ સંગઠનો લાલઘુમ થઈ ગયા હતા.

ગઈકાલે મોડી રાતથી જ વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરોએ ગોડાદરામાં વિરોધ પ્રદર્શન શરૂ કર્યું હતું. કાર્યકરોએ ગોપાલ ઈટાલિયા સહિતના નેતાઓના પોસ્ટરો પર શાહી લગાવી હતી અને "હિન્દુ વિરોધી નેતાઓને અમારા વિસ્તારમાં આવવા નહીં દઈએ" તેવા સૂત્રોચ્ચાર કર્યા હતા.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ શિવ મંદિર પર્વનો શુભારંભ કરાવ્યો

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી

અમદાવાદ,
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી ત્રણ દિવસ ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. ગુજરાત પ્રવાસ સમયે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી થશે. સોમનાથ સ્વાભિમાન પર્વની ત્રિ-દિવસીય ઉજવણીનો આજથી ભાજપના નેતાઓએ શિવમંદિરોમાં દર્શન પૂજન કરીને શુભારંભ કરાવ્યો છે. મહત્વનું છે કે, આજથી એક હજાર વર્ષ પહેલા ૧૦૨૬માં સોમનાથ મંદિર પર થયેલા હુમલા સામે અતૂટ શ્રદ્ધા





અને આસ્થા તથા સામૂહિક શક્તિના સંકલ્પથી આજે સોમનાથ મંદિર ભવ્યતા અને દિવ્યતાના પ્રતીક રૂપે અડીખમ ઊભું છે.

આ શૌર્યતા અને કરોડો શ્રદ્ધાળુઓની આસ્થાનો ગૌરવ મહિમા સોમનાથ સ્વાભિમાન પર્વથી પીએમ મોદીના પ્રેરણા માર્ગદર્શનમાં થઈ રહ્યો છે. આ પર્વમાં ઓમકાર નાદની ઊર્જા સામૂહિક ઓમકાર નાદથી જોડવા મંદિરોમાં ૭૨ કલાક ઓમકાર નાદના ગુંજારવથી ભક્તિમય વાતાવરણનું નિર્માણ થવાનું છે. આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ આ ઓમકાર નાદમાં ગાંધીનગરમાં ધોળેશ્વર મહાદેવ મંદિરથી શ્રદ્ધાપૂર્વક જોડાયા હતા. તેઓ ગાંધીનગરના ધોળેશ્વર મહાદેવ મંદિર ખાતે પૂજન અર્ચન કર્યું હતું.

# સાબરમતી જેલના હાઈસિક્યુરિટી ઝોનમાં આવેલી વિશાલ ગોસ્વામીની બેરેકમાંથી આઈફોન સહિત બે ફોન મળ્યા

## જેલની સુરક્ષા અંગે ફરી સવાલો ઊભા થયા : રાણીપ પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી

અમદાવાદ,
ગુજરાતની સૌથી સુરક્ષિત જેલ ગણાતી અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલની સુરક્ષા અંગે ફરી સવાલો ઊભા થયા છે. સાબરમતી જેલમાં કુખ્યાત વિશાલ ગોસ્વામીના બેરેકમાંથી એક આઈફોન અને કીપેડ ફોન એમ બે ફોન મળી આવ્યા છે. આ માહિતી મળ્યા બાદ અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. રાણીપ પોલીસે આ અંગે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.આ અંગે મળતી માહિતી પ્રમાણે, શહેરના સાબરમતી જેલમાં આવેલા હાઈસિક્યુરિટી ઝોનમાંથી બે ફોન મળી આવ્યા છે. કુખ્યાત કેદી વિશાલ ગોસ્વામીની બેરેક શંકાસ્પદ જણાઈ હતી. જે બાદ જેલના ઈન્ચાર્જ



બેરેકની તપાસ કરવામાં આવી હતી. તપાસ કરાતા વિશાલ ગોસ્વામીની જેલની ખોલીમાંથી આઈફોન અને કીપેડ એમ બે ફોન મળી આવ્યા હતા.

અમદાવાદની હાઈ-સિક્યોરિટી ગણાતી સાબરમતી સેન્ટ્રલ જેલમાં થોડા દિવસો પહેલા પણ મોબાઈલ મળી આવ્યો હતો. જેલ પ્રશાસન દ્વારા હાથ ધરવામાં આવેલી આકસ્મિક તપાસ દરમિયાન 'બડા ચક્કર' વિભાગમાંથી એક સ્માર્ટફોન મળી આવતા ખળભળાટ મચી ગયો હતો. કેદીઓએ પોલીસની નજરથી બચવા માટે જેલના બાથરૂમની ટાઈલ્સ પાછળ ખૂબ જ ચાલાકીપૂર્વક આ મોબાઈલ છુપાવ્યો હતો.

# તાપી જિલ્લાના કુકરમુંડામાં બે જૂથો વચ્ચે પથ્થરમારો, ૮ લોકો ઘાયલ



તાપી,
તાપી જિલ્લાના કુકરમુંડામાં બે જૂથો વચ્ચે અથડામણ અને પથ્થરમારાની ઘટના સામે આવી છે. ગઈકાલે રાત્રે આ ઘટના એક બાઈક સવાર સાથે થયેલી નાની દલીલને કારણે બની હતી જે હિંસામાં ફેરવાઈ ગઈ હતી. ખટીક ફળિયામાં થયેલી આ અથડામણમાં સાતથી આઠ લોકો ઘાયલ થયા હતા.

અહેવાલો અનુસાર, બાઈક સવાર સાથેની દલીલ બાદ, બંને જૂથો સામ સામે આવી ગયા હતા અને પથ્થરમારો શરૂ કર્યો હતો. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને મહારાષ્ટ્રની નંદુરબાર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યારે અન્યને નિજર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.એટલુંજ નહીં ગુસ્સે ભરાયેલા ટોળાએ કેટલાક વાહનોમાં તોડફોડ પણ કરી હતી.

# અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું નરેન્દ્ર મોદીના હસ્તે ઉદ્ઘાટન થશે

## આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ૧૦૭૧ પતંગ રસિયાઓ ભાગ લેશે

અમદાવાદ,
ગુજરાતમાં ઉત્તરાયણ એટલે કે મકરસંક્રાંતિના તહેવારનું આગવું મહત્ત્વ છે. સમગ્ર રાજ્યના પતંગ રસિયાઓ રંગબેરંગી પતંગો હવામાં ઉડાડીને ઉત્તરાયણનો તહેવાર ઉજવે છે. આ વર્ષે 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૬'નું ઉદ્ઘાટન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ૧૨મી જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સવારે સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ ખાતે કરવામાં આવશે. આ ઉદ્ઘાટન સમારોહમાં જર્મનીના ચાન્સેલર ફ્રેડરીક મર્ઝની પ્રેરક ઉપસ્થિતિ રહેશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ'નું આયોજન પુરજોશમાં કરવામાં આવી રહ્યું છે.

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ૫૦ દેશોના ૧૩૫ આંતરરાષ્ટ્રીય પતંગબાજો, ભારતના ૧૩ રાજ્યોમાંથી ૬૫ તથા ગુજરાતના ૧૬ જિલ્લાઓમાંથી ૮૭૧ પતંગબાજો એમ કુલ મળીને ૧૦૭૧ પતંગ રસિયાઓ ભાગ લેશે. આ મહોત્સવ દરમિયાન ૨૫ હસ્તકલા સ્ટોલ અને ૧૫ ફૂડ સ્ટોલ કાર્યરત રહેશે, જે સ્થાનિક કલા, હસ્તકલા અને સ્થાનિક વ્યંજનોને પ્રોત્સાહન આપશે.

આ વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ અમદાવાદ ઉપરાંત રાજકોટ, સુરત અને કચ્છના ધોળાવીરામાં ૧૦મી જાન્યુઆરી ૨૦૨૬, વડનગર, શિવરાજપુર તથા સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ તેમજ વડોદરા ખાતે ૧૩ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ યોજાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૫માં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવે સમગ્ર ગુજરાતમાં ૩.૮૩ લાખથી વધુ મુલાકાતીઓને આકર્ષ્યા હતા. 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ' દ્વારા ગુજરાત ટૂરિઝમ આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે અગ્રણી સાંસ્કૃતિક અને પ્રવાસન સ્થળોમાં પ્રવાસીઓને આકર્ષિત કરી રહ્યું છે. જેના પરિણામ સ્વરૂપે આ વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં અંદાજિત પાંચ લાખથી વધુ પ્રવાસીઓ ગુજરાતની મુલાકાતે આવશે તેમ ગુજરાત ટૂરિઝમની યાદીમાં જણાવાયું છે.

# ડિજિટલ પેમેન્ટને પ્રમોટ કરવાના નામે અમદાવાદ એરપોર્ટ ઓથોરિટીનો નવો ફતવો

અમદાવાદ,
અમદાવાદ એરપોર્ટ પર પાર્કિંગ ચાર્જના પેમેન્ટને લઈ એરપોર્ટ ઓથિરિટી દ્વારા કરાયેલા એક નિર્ણયને લઈ વિવાદ સર્જાવાનાં એંધાણ છે. એરપોર્ટ પર જે પાર્કિંગ ચાર્જ વસૂલાય છે એનો વાહનચાલક જો કેશમાં પેમેન્ટ કરે તો અલગથી ૧૦૦ રૂપિયા વસૂલવાનો નિર્ણય કરાયો છે. ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા માટે આ નિર્ણય કરાયો હોવાનું અમદાવાદ એરપોર્ટ ઓથોરિટીએ જણાવ્યું છે, એટલે કે જો કોઈ ટૂ-વ્હીલરચાલક પોતાનું વાહન અડધો કલાક પાર્ક કરે છે અને રોકડમાં પેમેન્ટ કરે છે તો તેને પાર્કિંગના ૫૦ રૂપિયા અને રોકડ પેમેન્ટ કરવા બદલ રૂપિયા ૧૦૦ મળી કૂલ ૧૫૦ રૂપિયા ચૂકવવા પડશે. અમદાવાદ ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિક એરપોર્ટ પર દરરોજ હજારો મુસાફરોની આવનજાવન રહે છે. મુસાફરને લેવા-મૂકવા માટે તેમનાં પરિવારજનો આવતાં હોય છે અને પોતાનું વાહન પાર્કિંગમાં પાર્ક કરતાં હોય છે. અમદાવાદ એરપોર્ટ ઓથોરિટી દ્વારા પહેલાંથી જ સમય મુજબ પાર્કિંગના દર નક્કી કરાયેલા છે, પરંતુ હવે ડિજિટલ પેમેન્ટને પ્રમોટ કરવાના નામે રોકડ પેમેન્ટ કરવા પર અલગથી રૂપિયા ૧૦૦ વસૂલવાનો નિર્ણય કરાયો છે.

અમદાવાદ એરપોર્ટ ખાતે પાર્કિંગ કર્યા બાદ તેમને પાર્કિંગની એક કૂપન આપવામાં આવતી હોય છે, જેને ટિકિટ કહેવામાં આવે છે. જો ભૂલથી મુસાફરો આ ટિકિટ ગુમાવી દે છે તો તેમને તેના ૫૦૦ રૂપિયા ચાર્જ આપવો પડતો હોય છે. ત્યાર બાદ જ તેમને તેમનું વાહન પરત મળે છે. અમદાવાદ એરપોર્ટ ઓથોરિટીએ જણાવ્યું હતું કે આ પાર્કિંગનો ચાર્જ જે પણ મુસાફર લોકો કેશમાં પેમેન્ટ કરશે તેમની પાસેથી ?૧૦૦ વધારાના વસૂલ કરીશું, કારણકે ડિજિટલ પેમેન્ટને પ્રમોટ કરવા માટે અમે આ પ્રકારનો રૂલ્સ હવે એરપોર્ટ પર લાગુ કર્યા છે. ઓથોરિટીએ વધુમાં જણાવ્યું હતું કે પહેલાં જ્યારે કેશમાં પેમેન્ટ થતું હતું ત્યારે ૨થી ૩ મિનિટનો સમય બગડતો હતો. હવે ડિજિટલ પેમેન્ટને કારણે ૩૦ સેકન્ડમાં પૂરી પ્રોસેસ થઈ જાય છે. અમદાવાદ એરપોર્ટ પર નોકરી કરનાર અંકિતભાઈએ જણાવ્યું હતું કે અમારી પાસેથી મહિનાના ૨૫૦ રૂપિયા ચાર્જ લેવામાં આવે છે. જે લોકો પોતાના પરિવારજનને મૂકવા આવે તેમની પાસેથી ડિજિટલ પેમેન્ટ સ્વીકારવામાં આવે છે, પરંતુ જો તેઓ કેશમાં પેમેન્ટ કરે તો તેમની પાસેથી ૧૦૦ રૂપિયા વધારાના વસૂલ કરવામાં આવે છે.

# સરકારી કચેરીમાં કામ કરાવવું યુદ્ધ લડવા સમાન, વડોદરા ભાજપના પાંચ ધારાસભ્યોએ મુખ્યમંત્રીને પત્ર લખ્યો

## રાજ્યમાં ઠેર ઠેર વહીવટી તંત્રનો વહીવટ ખોરંભે ચડ્યો : અધિકારીઓ તેમનું કહ્યું ન સાંભળતા હોવાની રજૂઆત

વડોદરા,
સરકારી અધિકારીઓ મનસ્વી નિર્ણય લેતા હોવાનો આરોપ સાથે ભાજપના ૫ ધારાસભ્યોએ ઝસ્ને લખ્યો પત્ર લખ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને સંબોધીને લખેલા આ પત્રમાં ધારાસભ્યોએ કર્મચારીઓના વલણ અને કામ કરવાની પદ્ધતિ અંગે ગંભીર આરોપોનો ઉલ્લેખ કરાયો હોવાની માહિતી હાલ સામે આવી રહી છે. વડોદરા ગ્રામ્યના ધારાસભ્ય કેતન ઈનામદાર, શૈલેષ મહેતા તથા ધર્મેન્દ્રસિંહ વાઘેલા સહિતના ૫ ધારાસભ્યોએ આ પત્ર લખ્યો છે. જેમાં તેઓએ 'ઉપરી અધિકારીઓ તેમનું કહ્યું ન સાંભળતા હોવાની' રજૂઆત કરી છે.

ધારાસભ્યોએ ઝસ્ને લખેલા પત્રમાં ઉલ્લેખ છે કે, 'હાલ રાજ્યમાં ઠેર ઠેર વહીવટી તંત્રનો વહીવટ ખંભોળે ચડ્યો છે. પ્રજાના કામ જાણે આ તંત્રના કાન સુધી પહોંચતા જ નથી. એક સામાન્ય માણસ ને પોતાનું નાનું કામ સરકારી કચેરીમાંથી કરાવવું એ જાણે એક યુદ્ધ લડવું બની ગયું છે. રાજ્યના તમામ મોટા અધિકારીઓથી લઇ તમામ નાના કર્મચારીઓ પોતાની ખરાબ મનસ્વીતા દર્શાવતા લાગ્યા છે.'

વધુમાં પત્રમાં ઉલ્લેખ કરાયેલો છે કે, 'કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, પોલીસ અધિક્ષક, પોલીસ કમિશ્નર તથા અન્ય સહિતના સરકારી અધિકારીઓપોતાને ગમતી સારી કચેરી બનાવી તેમાં સરકારના સચિવો સાથે વીડિઓ કોન્ફરન્સના માધ્યમથી જમીની હકીકત, પ્રજાના પ્રશ્નો, ભૌગોલિક પરિસ્થિતિને જોયા જાણ્યા વગર ગુલાબી ચિત્ર બતાવવામાં આવે છે, સરકારને હકીકતોથી દૂર રાખવામાં આવે છે. પ્રજા અને જનપ્રતિનિધિથી પણ ઉપ્પર પોતાને જ સરકાર સમજી અંધાધુન વહીવટ ચલાવવામાં આવી રહ્યો છે. જેનાથી સરકારની છબી ખરડાઈ રહી છે.'

આટલું જ નહીં, ધારાસભ્ય દ્વારા સૂચવવામાં આવેલ કાર્યો કરવામાં આવતા નથી તથા ઉપરથી અધિકારીઓ દ્વારા પ્રજાને કહેવામાં આવે છે કે તમે ધારાસભ્યની મદદ કેમ માંગી? આ પ્રમાણેની ખરાબ માનસિકતા અધિકારીઓ દાખવતા હોવાના આરોપો મુકી આ ધારાસભ્યોએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને 'આ સુચારુ રૂપથી વહીવટી તંત્ર ચલાવવા યોગ્ય નહીં' હોવાની વાતનો પત્રમાં ઉલ્લેખ કર્યો છે.

# અમદાવાદના ચારતોડા કબ્રસ્તાનની ૩૦૦ જેટલી કબરને બીજી જગ્યાએ ખસેડવા માટે નોટિસ અપાઈ

અમદાવાદ,
અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાં આવેલા ઐતિહાસિક ચારતોડા કબ્રસ્તાન પાસે રોડ પહોળો કરવાની કામગીરી કરાશે. આ માટે કબ્રસ્તાનની જમીન કપાતમાં જતી હોવાથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચારતોડા કબ્રસ્તાનને નોટિસ આપવામાં આવી છે. ઈડીની અમલવારી સંદર્ભે ચારતોડા કબ્રસ્તાનની ૩૦૦થી વધુ કબરો બીજી જગ્યાએ ખસેડવા માટે કહેવામાં આવ્યું છે. જેના કારણે કબ્રસ્તાનની આ કબરો પર ડિમોલેશનનો ખતરો જોવા મળી રહ્યો છે.

શહેરના કાળીદાસમીલ ચાર રસ્તા થઈને ચારતોડા કબ્રસ્તાન થઈ અંબિકા ચાર રસ્તા સુધીનો રસ્તો ૩૦.૫૦ મીટર પહોળો કરવા માટે દબાણોને હટાવવા એએમસી દ્વારા નોટિસ આપવામાં આવી રહી છે.




જેમાં ચારતોડા કબ્રસ્તાનની દિવાલ તથા ૩૦૦ જેટલી કબરોને પણ હટાવવા માટે નોટિસમાં કહેવાયું છે. આ માટે ૧૦ દિવસનો સમય આપવામાં આવ્યો છે. જોકે સ્થાનિક લોકો મુજબ શરિયતના કાયદામાં કબરોને સ્થાનાંતરિત કરવાની કોઈ જોગવાઈ નથી. તેમની માંગણી છે કે, વિસ્તારનો વિકાસ થાય પણ કબ્રસ્તાનમાં આવેલી તેમના સ્વજનોની કબરને ત્યાંથી હટાવવામાં ન આવે.

આ અંગે ગોમતીપુરના કાઉન્સિલર ઝુલ્ફિકાર ખાન પઠાણે આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, ઈસ્લામ ધર્મ કબરોને એક જગ્યાએથી બીજા સ્થળે ખસેડવાનો કોઈ ઉલ્લેખ નથી.

# GPSCની ૨૦૨૬માં લેવાનારી પ્રીલિમ પરીક્ષાની તારીખો જાહેર

ગાંધીનગર,
ગુજરાતમાંસરકારી નોકરીનુંસ્વપ્ન જોઈ રહેલા હજારો ઉમેદવારો માટે રાહતના સમાચાર આવ્યા છે. ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા વર્ષ ૨૦૨૬ દરમિયાન યોજાનારી વિવિધ ક્લાસ-૧ અને ક્લાસ-૨ સંવર્ગની પ્રાથમિક પરીક્ષાઓની તારીખો જાહેર કરી દેવામાં આવી છે. લાંબા સમયથી તારીખોની રાહ જોઈ રહેલા ઉમેદવારો માટે આ જાહેરાતને મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. GPSC દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, કુલ ૧૮ જેટલા અલગ-અલગ સંવર્ગોની પ્રીલિમ પરીક્ષા ફેબ્રુઆરી, માર્ચ અને એપ્રિલ ૨૦૨૬ દરમિયાન તબક્કાવાર યોજાશે. આ પરીક્ષાઓમાં વહીવટી, ટેક્નિકલ તેમજ શિક્ષણ અને વિશેષ સેવાઓનાં પદોનો સમાવેશ થાય છે. તારીખો જાહેર થતાં જ પરીક્ષાની તૈયારીમાં લાગેલા ઉમેદવારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આયોગ દ્વારા જાહેર કરાયેલા શિડ્યૂલ મુજબ વહીવટી અને સચિવાલય સેવાઓમાં રહસ્ય સચિવ (ક્લાસ-૨), મદદનીશ વહીવટી અધિકારી (ક્લાસ-૨) જેવા પદો માટે પરીક્ષા લેવામાં આવશે. ઉપરાંત ટેક્નિકલ અને વિશેષ સેવાઓ હેઠળ MIS મેનેજર (ક્લાસ-૧ અને ૨), પશુચિકિત્સા અધિકારી (ક્લાસ-૨), મુખ્ય વૈજ્ઞાનિક અધિકારી જેવા મહત્ત્વનાં પદોનો સમાવેશ થાય છે. શિક્ષણ અને અન્ય સેવાઓમાં ગુજરાત શિક્ષણ સેવા, નિયામક ગ્રંથપાલ, નાયબ માહિતી નિયામક તેમજ મદદનીશ ઉદ્યોગ કમિશનર માટે પણ પ્રાથમિક કસોટી યોજાશે. આ સિવાય ગુજરાત મત્સ્યોદ્યોગ સેવા અને સામાન્ય રાજ્ય સેવામાં વહીવટી અધિકારી (ક્લાસ-૨) માટેની પરીક્ષાઓ પણ આ સમયગાળા દરમિયાન લેવામાં આવશે.

# અમદાવાદ ક્રાઈમ બ્રાંચના અધિકારીની ખોટી ઓળખ આપી ૪૦ હજાર પડાવ્યા

અમદાવાદ,
નરોડા વિસ્તારમાં એક યુવકને રીક્ષામાં આવેલા ગઢીયાએ પોતે ક્રાઈમ બ્રાન્ચના અધિકારી હોવાની ઓળખ આપી હતી અને આજીવન કેદ થાય તેવા ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. જેથી યુવકે ડરના કારણે ગઠિયાને અસલી પોલીસ અધિકારી સમજીને પૈસા આપ્યા હતા.ગઠિયો યુવકને ત્રણ અલગ અલગ છ્સ્માં લઈ ગયો હતો.જેમાંથી યુવક પાસેથી કુલ ૪૦,૦૦૦ રૂપિયા ખંખેરી લીધા હતા.ગઠિયો પોલીસ તરીકે એટીએમમાં રોફ જમાવતા હતો જેના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે.હાલ નરોડા પોલીસે બની બેઠેલા નકલી પોલીસ અધિકારીની ધરપકડ કરી છે.

નરોડામાં રહેતો ગણેશ મદ્રાસી નામનો યુવક બાઈક લઈને જઈ રહ્યો હતો ત્યારે એક શખ્સ રીક્ષામાં આવ્યો હતો.રીક્ષામાં આવેલા શખ્સે પોતે ક્રાઈમ બ્રાન્ચના અધિકારી હોવાની ઓળખ આપી હતી.અધિકારી બનીને આવેલા શખ્સે યુવકની તપાસ કરી હતી.યુવકને દારૂના કેસ ખોટી રીતે ફસાવી આજીવન કેદ થશે તેવી ધમકી આપી હતી જેથી યુવક ડરી ગયો હતો. ગઠિયો યુવકને લઈને અલગ અલગ ATM માં ગયો હતો જ્યાંથી યુવક પાસેથી ૩ અલગ અલગ ATM માં લઈ જઈને ૨૫



હજાર અને યુવક પાસે રહેલા રોકડા ૧૫ હજાર પડાવ્યા હતા.યુવક પાસે કુલ ૪૦ હજાર લઈને યુવકને જવા દીધો હતો.જે બાદ યુવક ઘરે ગયો હતો.યુવકે આ અંગે નરોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

નરોડા પોલીસે ગુનો નોંધી તપાસ કરી હતી ત્યારે ATMના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા હતા જેના આધારે પોલીસે શાહરૂખ અંસારી નામના આરોપીની ધરપકડ કરી હતી.પોલીસે આરોપી પાસેથી ૪૦ હજાર રૂપિયા પણ રિકવર કર્યા છે.આરોપીએ અગાઉ પણ ૨૦૧૮માં મણિનગર અને ૨૦૨૫માં ખોખરામાં નકલી પોલીસ બની પૈસા પડાવ્યા ધરપકડ કરવામાં આવી હતી.

# રાજકોટના મોરબી હાઈવે રતનપર ગામ પાસેથી દારૂ ભરેલી કાર સાથે ચાલક ઝડપાયો

## ક્રાઈમ બ્રાંચની ટીમે રૂ.૫.૬૧લાખનો ૪૩૨ બોટલ વિદેશી દારૂ ભરેલી કાર જપ્ત કરી




રાજકોટ,
રાજકોટના મોરબી હાઈવે રતનપર ગામ પાસેથી ક્રાઈમ બ્રાંચની ટીમે રૂ.૫.૬૧ લાખનો ૪૩૨ બોટલ વિદેશી દારૂ ભરેલી કાર સાથે ચાલકની ધરપકડ કરી રૂ.૧૫.૬૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ દરોડામાં દારૂ મંગાવનાર નામચીન બુટલેગર સહીત ત્રણ શખ્સોના નામ ખુલ્યા છે.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ એમ.આર. ગોંડલીયા, એમ.એલ. ડામોર અને સી.એચ.જાદવના માર્ગદર્શન પીએસઆઈ વી.ડી. ડોડીયાની ટીમના જયરાજભાઈ કોટીલા તથા રાજેશભાઈ જળુ તથા પ્રદીપસિંહ જાડેજાને મળેલ બાતમીને આધારે વાઈબ્રન્ટ સમીટ જ્યાં યોજાવાની છે તે રોડ ઉપર નજીક રાજકોટ-મોરબી હાઈવે રતનપર ગામ પાસે શુભ હોટલ વાળી શેરીમાં રોડ ક્રેટા કાર રજી.નં.જીજે-૩૮-બીજે ૨૧૦૦ ને અટકાવી તપાસ કરતા આ કારના સાચા રજી.નં. જીજે૦૮-ડીએસ ૮૭૨૫ હોવાનું માલુમ પડ્યું હતું. ક્રાઈમ બ્રાંચની ટીમે તલાશી લેતા કાર માંથી રૂ.૫.૬૧ લાખનો ૪૩૨ બોટલ વિદેશી મળી આવ્યો હતો. દારૂ સાથે સહકાર રોડ કલ્યાણનગર શેરી નં.૧માં રહેતો મહીપાલસિંહ લગધીરસિંહ ઝાલા (ઉ.વ.૩૦)ની ધરપકડ કરી રૂ.૧૫.૬૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો

પુછપરછમાં દારૂનો જથ્થો મંગાવનાર સહકાર રોડ ઘનશ્યામનગરના હિતેન્દ્ર ઉર્ફે ભુરો દિલીપસિંહ ઝાલા, રતનપરના લકીરાજ ઉર્ફે લકી રઘુવીરસિંહ ઝાલા અને કારમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી આપનાર વ્યક્તિ હિતેન્દ્ર ઝાલા તથા લકીરાજ ઝાલાના મિત્રનું નામ ખુલ્યું છે.

આ કામગીરી પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા,અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગરીયા ડીસીપી (ક્રાઈમ) જગદીશ બાંગરવા,એસીપી (ક્રાઈમ) ભરત બી.બસીયાની સુચના અને માર્ગદર્શન હેઠળ પી.આઈ એમ.આર. ગોંડલીયા, એમ.એલ. ડામોર,સી.એચ. જાદવ સાથે વી.ડી. ડોડીયા અને ટીમના એ.એસ.આઈ. અમીતભાઈ અગ્રાવત, દિગ્પાલસિંહ જાડેજા, દિપકભાઈ ચૌહાણ, દિલીપભાઈ બોરીચા, રાજેશભાઈ જળુ, પ્રદિપસિંહ જાડેજા, જયરાજભાઈ કોટીલા, સંજયભાઈ રૂપાપરા, કોન્સ્ટેબલ વિશાલભાઈ દવેએ કરી હતી.

# રાજકોટમાં ઈન્વેસ્ટમેન્ટનો ધંધો કરતા પુત્ર પાસેથી કાર લઈ ગયા બાદ પિતા પરત ન આપી

## વેપારી યુવાનની તેમના પિતા વિરુધ્ધ પોલીસમાં વિશ્વાસઘાતની ફરિયાદ

રાજકોટ,
રાજકોટના નાના મવા શાસ્ત્રીનગર પાસે સ્વસ્તિક-૧ એપાર્ટમેન્ટમાં રહેતાં વેપારી યુવાન વિરાજભાઇ વિપુલભાઇ મહેતા (ઉ.વ.૨૭)ની ફરિયાદ પરથી તેના જ પિતા રૈયા રોડ ગ્રીનસીટી પાસે શ્રીહરિ એપાર્ટમેન્ટમાં રહેતાં વિપુલભાઇ બકુલભાઇ મહેતા વિરૂધ્ધ ઠગાઇનો ગુનો નોંધ્યો છે.

ફરિયાદી વિરાજભાઇ તેમના દાદા-દાદી સાથે રહે છે અને વીર ઈન્વેસ્ટમેન્ટ નામે વ્યવસાય કરે છે. ગત તા. ૨૦/૦૬ના રોજ બપોરના સમયે તેમના પિતા વિપુલભાઈ બકુલભાઈ મહેતા ઘરે આવ્યા હતા. તેમણે જરૂરીયાત હોવાનું કહી વિરાજભાઈના નામની વોક્સવેગન પોલો કાર નંબર જીજે૧૦ડીઇ- ૮૮૫૦ એક-બે દિવસ માટે માંગી હતી. કાર લઈ ગયા બાદ પિતાએ પુત્રને ફોન પર જણાવ્યું હતું કે તારી પાસે ઘણા લોકો પૈસા માંગે છે, કોઈ તારી કાર લઈ જશે તેના કરતા કાર મારી પાસે ભલે રહી, હું તેને વેચીને તારા પૈસા તને પરત આપી દઈશ. જે તે વખતે વિરાજભાઈએ પિતા પર વિશ્વાસ મુકયો હતો. પરંતુ લાંબો સમય વીતવા છતાં પિતાએ કાર વેચી ન હતી. જયારે વિરાજભાઈએ પોતાની કાર પરત માંગી ત્યારે પિતાએ તેને-હવે કાર હું મારી રીતે વેચીશ અને તને એક પણ રૂપિયો આપવાનો નથી, તારે જે કરવું હોય તે કરી લે તેમ કહી દીધું હતું. વિરાજભાઈએ વધુમાં જણાવ્યું હતું કે, આ કાર તેમણે ડિસેમ્બર ૨૦૨૪માં રૂ.૬,૪૧,૦૦૦ માં ખરીદી હતી.

તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે મારા મમ્મી સાથે પિતાએ છુટાછેડા લઇ બીજા મેરેજ કાર્ય છે. પણ નવા મમ્મી સાથે મારે બનતું ન હોઇ થોડો સમય હું અલગ અમદાવાદ રહ્યા બાદ હાલ દાદી-દાદી સાથે રહુ છું. મને દર મહિને મારા પિતા છથી આઠ હજાર રૂપિયા આપતાં હતાં. પણ એકાદ વર્ષથી પૈસા આપવાનું બંધ કરી દીધુ હતું. પિતા સાથે છેલ્લા એકાદ વર્ષથી નાણાકીય બાબતે અણબનાવ હોવાથી પોતે ઈન્વેસ્ટમેન્ટનો વેપાર કરી ગુજરાન ચલાવે છે.

# રાજકોટના રામવન પાસે બે વર્ષનું બાળક પાણીના ટાંકામાં પડી જતા મોત

## રાત્રે રમતા રમતા બાળક ટાંકામાં પડી જતા મોત નિપજયું હતું.: પરિવારમાં ગમગીની

રાજકોટ,
રાજકોટના કોઠારીયા પાસે આવેલા રામવન પાસે ગઈકાલે રાત્રે રમતા રમતા બાળક ટાંકામાં પડી જતા તેમનું મોત નિપજયું હતું.આ ઘટનામાં આજીડેમ પોલીસે જરૂરી કાગળો કર્યા હતા.

આ અંગે મળતી માહિતી મુજબ, કોઠારીયા વિસ્તાર ના રામવન પાસે મુકેશ પાર્કમાં રહેતા હિરેન ભરતભાઈ મુંધવા (ઉં.૨) ગઈકાલે રાત્રે ૧૦ વાગ્યાં આસપાસ પોતાના ઘર પાસે પાણીના ટાંકામાંથી બેભાન હાલતમાં મળી આવેલ હતો.જેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા ફરજ પરના ડોક્ટરે જોઈ તપાસી મૃત જાહેર કરેલ છે.સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ જોગડા, રાઈટર ધર્મેન્દ્રભાઈ હુદળ, આકાશભાઈ, દેવગણભાઈ વગેરેએ નોંધ કરી આજીડેમ પોલીસ સ્ટેશનને જાણ કરતા એએસઆઈ જે. કે. કુરીયા ટીમ સાથે દોડી ગયા હતા. મૃતદેહ પીએમ માટે ખસેડ્યો હતો.

પરિવારની પુછપરછમાં જાણવા મળ્યું કે, હિરેનના પિતા રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન કરે છે. માતાનું નામ સોનુબેન છે.હિરેન સંયુક્ત કુટુંબમાં દાદા-દાદી, માતા-પિતા અને કાકા સાથે રહેતો હતો.ગઈકાલે રાત્રે દસ વાગ્યાં આસપાસ હિરેન ન દેખાતા તેમના માતાને એમ થયું કે,કાકા હિરેનને રમાડતા હશે. થોડી વાર બાદ માતાએ કાકાને એકલા જોતા પૂછ્યું કે હિરેન ક્યાં છે? કાકાએ કહ્યું કે હિરેન મારી પાસે નથી.જેથી બંનેએ તુરંત ઘરમાં હિરેનને શોધ્યો પણ મળી આવ્યો નહોતો બાદમાં ઘર બહાર શોધખોળ કરતા પાણીના ટાંકામાંથી બેભાન મળી આવ્યો હતો.હિરેન તેના માતા પિતાનું એકનું એક સંતાન હતો. બાળકના મોતથી પરિવારમાં શોક છવાયો હતો.

# રાજકોટ-રાજસ્થાનના સાયબર ક્રાઈમના ચાર ગુનામાં ફરાર આરોપી પકડાયો



રાજકોટ,
સાયબર ક્રાઈમના ચાર અલગ અલગ ગુનામાં ફરાર શખ્સને પેરોલ ફરલો સ્વોડની ટીમે પકડી લીધો છે. રાજકોટ ઉપરાંત રાજસ્થાનના સાયબર ક્રાઈમના ગુનામાં પણ આ શખ્સડ ફરાર હતો.

પેરોલ ફરલો સ્વોડની ટીમ રાજ્યના પેરોલ જમ્પ તથા નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા ટીમો કાર્યરત હતી ત્યારે બાતમી પરથી ધ્રુવરાજસિંહ દિગ્વીજયસિંહ જાડેજા (ઉ.વ.૨૮-રહે. ઉદયનગર-૨૧, આશાપુરા કૃપા, મવડી રોડ)ને રાજકોટથી શોધી કાઢી કાર્યવાહી કરી હતી. આ શખ્સો વિરૂધ્ધ રાજકોટનાસાયબર ક્રાઈમ પોલીસ સ્ટે શનમાં અલગ અલગ ત્રણ ગુના તથા રાજસ્થાનના કરોલી સાયબર ક્રાઈમ પોલીસમાં પણ એક મળી ચાર ગુના દાખલ થયા હતાં. તેને શોધી કાઢી સાયબર ક્રાઈમ પોલીસને સોંપાતા તપાસ શરૂ કરવામાં આવી છે.

આ કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસીપી ભરત બસીયાની સુચના અંતર્ગત પીઆઇ ભાર્ગવસિંહ ઝણકાત, પીએસઆઇ જે. જી. તેરૈયા, એએસઆઇ ઝહીરખાન ખફીફ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, લાલજીભાઇ ડાંગર, હેડકોન્સ. સિરાજભાઇ ચાનીયા, રાજદિપસિંહ ચૌહાણ, રોહિતભાઇ કછોટ, રાહુલભાઇ ઠાકુર, કોન્સ. કુલદિપસિંહ જાડેજા, શાંતુબેન મુળીયા અને ડ્રા.કોન્સ. દોલતસિંહ રાઠોડે કરી હતી.

# રાજકોટના ઘી કાંટા રોડ બંગડી બજારમાંથી આધેડ ગુમ: શોધખોળ



રાજકોટ,
રાજકોટ શહેરના યુનિવર્સિટી રોડ પુષ્કરધામ કેવલમ આર.એમ.સી.ના કવાર્ટરમાં બ્લોક નં. ૨૯ કવાર્ટર નં. ૧૬૯૦માં રહેતા જયેશભાઇ ડાયાલાલભાઇ પોપટ (ઉ.વ.૫૨) ગત તા. ૨૦/૧૨ ના રોજ પોતાના ઘરેથી નીકળી ઘી કાંટા રોડ પર બંગડી બજાર એક દુકાન પાસે હતા. ત્યાંથી તે નીકળ્યા બાદ ઘરે પરત ન આવતા તેના પરિવારજનોએ તેની શોધખોળ હાથ ધરી હતી. પરંતુ તેનો કોઈ પતો ન લાગતા તેના પત્નીએ એ-ડીવીઝન પોલીસ મથકમાં જાણ કરતા એએસઆઇ બી.વી. ગોહિલે તપાસ હાથ ધરી હતી. જો કોઈને આ યુવાન જોવા મળે તો એ ડીવીઝન પોલીસ સ્ટેશન ફોન નં. ૬૩૫૯૭૯૬૫૮૧ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

# રાજકોટ મુર્ગા ગેંગનો વધુ એક આરોપી ઝડપાયો: ધરપકડનો કુલ આંક ૩૪



રાજકોટ,રાજકોટ શહેરના મંગળા રોડ પર થયેલા ફાયરિંગ અને ગેંગવોરના કેસમાં પોલીસને વધુ એક સફળતા મળી છે. રાજકોટ એસઓજી સંજયસિંહ એમ. જાડેજા અને તેમની ટીમે તપાસ તેજ કરી 'મુર્ગા ગેંગ' ના સાગરીત મયુર ઉર્ફે મયલાની ટ્રાન્સફર વોરંટથી ધરપકડ કરી છે.

ઝડપાયેલો આરોપી મયુર ઉર્ફે મયલો બાબુલાલ પરમાર (ઉ.વ.૪૦) દેવપરા વિસ્તારની કૈલાશ પાન વાળી શેરીમાં રહે છે. મજૂરી કામ કરતા આ શખ્સની ગેંગવોરના ગુનામાં સંડોવણી ખુલતા પોલીસે તેની કસ્ટડી મેળવી છે. મંગળા રોડ પર પેંડા ગેંગ અને મુર્ગા ગેંગ વચ્ચે થયેલા સશસ્ત્ર સંઘર્ષ બાદ પોલીસ એકપછી એક સાગરીતોને પકડી રહી છે. આ ચકચારી કેસમાં રાજકોટ પોલીસ અત્યાર સુધીમાં હથિયાર પૂરા પાડનારા અને આશરો આપનારા સહિત કુલ ૩૪ આરોપીઓની ધરપકડ કરી ચુકી છે. પોલીસે આ અગાઉ ગેંગના મુખ્ય આરોપીઓ વિરુદ્ધ ગુજસીટોક હેઠળ પણ કડક કાર્યવાહી કરી છે. હાલમાં પકડાયેલા આરોપી મયુરની વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

# રાજકોટની દાણાપીઠમાં તસ્કરોનો તરખાટ : બે દૂકાનમાંથી ચોરી

## બે શકમંદ ભાવનગર એલસીબીના હાથે ઝડપાતાં રાજકોટની ચોરી કબુલી




રાજકોટ,
રાજકોટ શહેરની દાણાપીઠમાં બે દુકાનને બે બુકાનીધારી તસ્કરરોએ નિશાન બનાવી છે. દાણાપીઠ સ્વામિનારાયણ શેરીમાં આવેલી જલારામ ટ્રેડર્સ અને નવાબ મસ્જીદની બાજુમાં આવેલી નિમેષ ટ્રેડર્સ નામની અનાજ કરીયાણાની દુકાનમાંથી ચોરી થતાં એ-ડિવીઝન પોલીસે અલગ અલગ ગુના દાખલ કરી તપાસ શરૂ કરી છે.

જાણવા મળ્યા મુજબ જંકશન પ્લોટ કો-ઓપરેટીવ સોસાયટી શેરી નં. ૪ પોપટપરા નાલા સામે રહેતાં નિમેષભાઈ રાજેન્દ્રભાઈ કોટક (ઉ.વ.૫૦) નામના વેપારીની દાણાપીઠમાં નવાબ મસ્જીદ સામે આવેલી નિમેષ ટ્રેડર્સ નામની દુકાનમાં તસ્કરો દુકાનનું તાળું તોડી શટર ઉંચકી અંદર સીંગતેલ, કપાસીયા તેલના ૭ ડબ્બા, ૨૪ નંગ પાઉચ, ઘીના ૧૬ ડબ્બા અને ગલ્લામાં રાખેલા રૂા. ૩૭,૦૦૦ રોકડા મળી કુલ રૂા. ૬૦,૮૦૦ ની મત્તા ચોરાઈ ગયાની ખબર પડી હતી.

જયારે બીજા બનાવમાં દાણાપીઠ સ્વામીનારાયણ શેરીમાં આવેલી સાધુ વાસવાણી રોડ અજંતા પાર્ક-૩ના રહેવાસી લોહાણા વેપારી રવિભાઈ હર્ષદભાઈ કોટક (ઉ.વ.૩૪)ની જલારામ ટ્રેડર્સ નામની દુકાનમાંથી ગોળના ૧૭ કાર્ટૂન રૂા. ૧૬,૮૩૦ના, ખજૂર કિંમત રૂા. ૧,૫૦૦, વેપારની રોકડ રકમ રૂા. ૯,૮૭૦ એમ કુલ ૨૮,૨૦૦ ના મુદ્દામાલની ચોરી કરી હતી.

બે દુકાનમાં ચોરી થતાં વેપારીઓએ તસ્કરોને તાકીદે પકડી લેવાની માંગણી કરી હતી. દરમિયાન બે શકમંદ તસ્કરને ભાવનગર એલસીબી પોલીસે સકંજામાં લેતાં તેણે રાજકોટ દાણાપીઠમાં પણ ચોરી કર્યાનું રટણ કરતાં વિશેષ પુછતાછ થઈ રહી છે.

# રાજકોટના મારામારીના અનેક ગુનામાં સામેલ શખ્સ પાસામાં ધકેલાયો : જેલ હવાલે



રાજકોટ,
રાજકોટ શહેરના આજી ડેમ વિસ્તારમાં મારમારી સહિતના અનેક ગુનામાં સામેલ શખ્સને પાસામાં ધકેલી દીધો છે.

મળતી વિગત મુજબ આજીડેમ વિસ્તારિમાં મારમારી સહિતના અનેક ગુનામાં સામેલ અજય જેરામભાઇ મેણીયા (ઉ.વ.૨૭) (રહે. લોઠડા ગામ) ને પાસામાં ધકેલવામાં માટે પીસીબીના ઇન્ચાર્જ પીઆઇ એમ.આર. ગોંડલીયા સહિતે દરખાસ્ત કરતા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ વોરંટ ઈશ્યું કરતા આજીડેમ પોલીસ મથકના પીઆઇ એ.બી. જાડેજા સહિતે અજય જેરામભાઇ મેણીયાની પાસા હેઠળ અટકાયત કરી વોરંટની બજવણી કરી અમદાવાદ જેલ હવાલે કર્યો હતો.

# રાજકોટ જેલમાંથી પેરોલ જમ્પ કરનાર ફરાર કેદી પકડાયો



રાજકોટ,
રાજકોટ શહેરની મધ્યસ્થ? જેલમાંથી પેરોલ રજા પર ગયા બાદ પરત ન આવી ફરાર થયેલા કેદીઓને પકડી પાડવા માટે પોલીસ કમિશનરની સુચનાથી પેરોલ ફરલો સ્કોડના પીઆઇ બી.એમ. ઝકાકાર તથા પીએસઆઇ જે.જી. તેરૈયા સ્ટાફ સાથે આરોપીની શોધમાં હતા ત્યારે જેલમાંથી પેરોલ રજા પર ગયા બાદ છેલ્લા બે માસથી ફરાર કેદી રાજકોટમાં હોવાની બાતમી મળતા કેદી ઈશ્વર ઉર્ફે ઈસુ છગનભાઇ મકવાણા (ઉ.વ.૨૭) (રહે. માંડાડુંગર મફતિયાપરા)ને પકડી લીધો હતો.

# રાજકોટમાં પતંગ ચગાવવામાં મશગુલ બાળક ત્રીજા માળેથી પટકાયો : ગંભીર ઈજા



રાજકોટ,
ઉતરાયણના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. બાળકોમાં પતંગ ચગાવવાનો ખુબ ઉત્સાહ હોય છે. પરંતુ પતંગ ચગાવવામાં મશગુલ બાળકો સાથે કોઈ અકસ્માતની ઘટના ન બને તે માટે વાલીઓએ સાવચેતી રાખવી જરૂરી બની છે. આવો જ એક બનાવ શહેરમાં સામો આવ્યો છે.ગોકુલધામ વિસ્તારમાં અગાસી ઉપર પતંગ ચગાવવામાં મશગુલ ૯ વર્ષનો બાળક અકસ્માતે ત્રીજા માળેથી પટકાતા તેને ગંભીર ઈજા થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

જાણવા મળતી વિગત મુજબ મુળ કાનપુર રહેતો આદિત્ય રાજુભાઇ ચૌહાણ (ઉ.વ.૯)નામનો બાળક તેના પિતા રાજકોટમાં ગોકુલધામ કવાર્ટરમાં રહેતા હોય ત્યા આટો મારવા આવ્યો હતો. દરમિયાન આજે સવારે ૧૦ વાગ્યાના અરસામાં કવાર્ટરની અગાસી ઉપર પતંગ ઉડાડતો હતો ત્યારે અકસ્માતે ત્રીજા માળેથી નીચે પટકાતા તેને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજા થતા સારવાર માટે તાત્કાલીક સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જયા તેની હાલત ગંભીર હોવાનુ જાણવા મળ્યુ છે. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી માલવીયાનગર પોલીસને જાણ કરી હતી.પ્રાથમિક તપાસમાં આદિત્ય અને તેના માતા કાનપુર રહે છે અને આદિત્ય એક ભાઈ એક બહેનમાં મોટો અને ધો.૨માં અભ્યાસ કરે છે. તેના પિતા રાજકોટમાં ગોકુલધામ રહી ડેરીમાં નોકરી કરે છે. ઉતરાયણનો તહેવાર આવતો હોવાથી આદિત્ય તેની માતા સાથે રાજકોટ પિતાના ઘરે આટો મારવા માટે આવ્યા હતા અને આજે અગાસી ઉપર પતંગ ચગાવતી વેળાએ આ બનાવ બન્યો હતો.

# પડધરીના ન્યારાના સગીરને યુવતિના નામે ઈન્સ્ટાગ્રામ મેસેજથી બોલાવી મોબાઈલ ફોન –રોકડ પડાવી લીધી

રાજકોટ
પડધરીના ન્યારા ગામના ૧૭ વર્ષના સગીરને ઈન્સ્ટાગ્રામમાં મેસેજ કરી, વાતો કરી બાદમાં માધાપર ચોકડીએ મળવા બોલાવી તેની પાસે પૈસા માંગતાં તેણે ન આપતાં બાઇકમાં અપહરણ કરી જુદી જુદી જગ્યાએ ફેરવી ઢીકા-પાટુનો માર મારી તેમજ મોબાઇલ ફોન અને ૧૦ હજારની રોકડ પડાવી લીધાના આક્ષેપ સાથે સગીર સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો છે.

પોલીસ નિવેદનમાં સગીરે કહ્યું હતું કે તે ઈન્સ્ટાગ્રામનો ઉપયોગ કરે છે. તેને એક યુવતિના નામથી ફ્રેન્ડ રીક્વેસ્ટ આવતાં પોતે તેમાં કેટલાક દિવસથી વાતો કરતો હતો. આ પછી બુધવારે બપોરે તેને મેસેજ કરી રાજકોટ મળવા બોલાવાયો હતો. પોતે નક્કી થયેલા સ્થાળે રેલનગર પાસે ગયો હતો. પરંતુ ત્યાં પહોંચ્યો ત્યારે ત્યાં કોઇ યુવતિ નહોતી પણ અજાણ્યા શખ્સો તેની પાસે આવ્યાં હતાં અને અહિ શું કરે છે? કોને મળવા આવ્યો છે? કહી ડરાવી ધમકાવી પૈસા માંગ્યા હતાં. તેણે પૈસા નથી તેમ કહેતાં તેને બાઇકમાં પરાણે બેસાડીને માધાપર ચોકડી મૈસુર ભગત ચોક નજીકમાં કોઇ સ્થળે લઇ ગયા હતાં. જ્યાં આઠેક શખ્સો પણ હતાં. આ બધાએ તેને કંઈક માદક પદાર્થ જેવુ પીવડાવી દીધા બાદ તેને પરાણે ડીસ્કો? કરવા કહ્યું હતું. બાદમાં તેનો મોબાઇલ ફોન પડાવી લીધો હતો. એ પછી મૈસુર ભગત ચોક નજીક મારકુટ કરી ઉતારીને બધા ભાગી ગયા હતાં.પોલીસે તપાસ હાથ ધરી છે.

# રાજકોટ બસ સ્ટેશનની પાછળ મોબાઈલમાં આઇ.ડી. પર ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા એક પકડાયો

રાજકોટ,રાજકોટ શહેરના એસ.ટી. બસસ્ટેશનની પાછળ ક્રાઇમ બ્રાંચની ટીમે બાતમીના આધારે દરોડો પાડી મોબાઇલ ફોનમાં આઇ.ડી. પર ક્રિકેટ મેચપર સટ્ટો રમતા શખ્સને પકડી લીધો હતો.

મળતી વિગત મુજબ એસ.ટી. બસ સ્ટેશનની પાછળ ફાયર સ્ટેશનની સામે એક શખ્સ ક્રિકેટ મેચપર સટ્ટો રમતો હોવાની બાતમી મળતા સ્ટાફ સાથે એસ.ટી. બસસ્ટેશનની પાછળ આવેલ ફાયર સ્ટેશનની સામે મોબાઇલ ફોનમાં આઇડી પર ક્રિકેટમેચ પર સટ્ટો રમતો જયદીપ દિનેશભાઇ વરૂ (ઉ.વ.૩૦) રહે. સ્વામી નારાયણ શેરી નં. ૨,૮૦ ફૂટ રોડ)ને પકડી લઇ કાર્યવાહી કરી હતી આકામગીરી એ.એસ.આઇ. અનીલભાઇ સોનારા, હેડ કોન્સ ઉમેશભાઇ ચાવડા અને કોન્સ.હરપાલસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી.

# રાજકોટના સરદારબાગ નજીક ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો એક શખ્સ પકડાયો

રાજકોટ,રાજકોટના સરદારબાગ સરકીટ હાઉસની સામે પીસીબીની ટીમે બાતમીને આધારે દરોડો પાડી મોબાઇલ ફોનમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા શખ્સને પકડી લીધો હતો.મળતી વિગત મુજબ શહેરના રાજકોટના સરદારબાગ પાસે એક શખ્સ મોબાઇલ ફોનમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો હોવાની બાતમી મળતા સરદારબાગ સરકીટ હાઉસની સામે મોબાઇલ ફોનમાં આઇડી પર ક્રિકેટમેચ પર સટ્ટો રમતા અરમાન હુસેનભાઇ કાદરી (ઉ.વ.૧૯) (રહે. ભીલવાસ, શેરી નં.૨) ને પકડી લીધો હતો. પોલીસે રૂા.૫ હજારની કિંમતનો મોબાઇલ ફોન કબજે કરી કાર્યવાહી કરી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

# સૌરાષ્ટ્ર આસપાસ

## તુર્કમાન ગેટ ડિમોલિશનની ગઈકાલ અને આજ

દિલ્હીના ઐતિહાસિક તુર્કમાન ગેટ વિસ્તારમાં ચાલી રહેલો વિકાસાત્મક બદલાવ માત્ર ભૌતિક પરિવર્તન નથી, પરંતુ શહેરના ભવિષ્ય સાથે જોડાયેલો મહત્વનો સંકેત છે. દિલ્હી સરકાર શહેરને વધુ સુવ્યવસ્થિત, સુરક્ષિત અને સુંદર બનાવવા માટે આયોજનબદ્ધ રીતે આગળ વધી રહી છે. આ પ્રક્રિયામાં નાગરિકોની ભલાઈ, કાયદાની પાલના અને ઐતિહાસિક વારસાનું સંરક્ષણ કેન્દ્રમાં રાખવાનું વચન આપવામાં આવે છે. તેમ છતાં, તુર્કમાન ગેટનું નામ આવતા જ ઇતિહાસની કેટલીક કડવી સ્મૃતિઓ ફરી તાજી થઈ જાય છે.તુર્કમાન ગેટના ડિમોલિશનની ચર્ચા માત્ર એક માળખું તોડવાની બાબત નથી. આ સ્થળ ભારતના લોકશાહી ઇતિહાસ સાથે ઊંડે જોડાયેલું છે. ૧૯૭૫-૭૭ના ઇમરજન્સી કાળમાં "વિકાસ" અને "સૌંદર્યકરણ"ના નામે અહીં બળજબરીયાં ઝૂંપડપટ્ટી ઉખેડણ થઈ હતી. સંજય ગાંધીની આગેવાની હેઠળ ચાલેલા આ અભિયાન દરમિયાન ગોળીબાર થયો, લોકોનાં જીવ ગયા અને હજારો પરિવારો ઘરવિહોણા બન્યા. તે સમય રાજ્યશક્તિના અતિરેક, માનવાધિકારોની અવગણના અને લોકશાહી અવાજોના દમનનું પ્રતિક બની ગયો.આજે સમય બદલાયો છે, સંવિધાનિક વ્યવસ્થા વધુ મજબૂત છે, પરંતુ તુર્કમાન ગેટ ફરી ચર્ચાના કેન્દ્રમાં આવતાં સ્વાભાવિક રીતે સવાલ ઊભા થાય છે. શું વિકાસ માટે લોકોના જીવન અને સ્મૃતિઓને અવગણવી યોગ્ય છે? શું ભૂતકાળની ભૂલોને ભૂલીને આગળ વધવું શક્ય છે?

દિલ્હી જેવા વિશ્વસ્તરીય શહેરને આધુનિક જરૂરિયાતો અનુસાર બદલાવ લાવવો અનિવાર્ય છે. વધતો ટ્રાફિક, જાહેર સુવિધાઓની અછત, અનધિકૃત બાંધકામ અને સુરક્ષાની સમસ્યાઓ શહેરના વિકાસમાં અવરોધ ઊભા કરે છે. આ સંદર્ભમાં સરકાર દ્વારા કાયદા અને ન્યાયિક પ્રક્રિયાઓનું પાલન કરીને લેવાતા પગલાં જરૂરી ગણાય છે. પરંતુ અહીં મુદ્દો વિકાસનો હેતુ નહીં, તેની રીત છે.જો વિકાસની પ્રક્રિયામાં પારદર્શિતા ન હોય, અસરગ્રસ્તોને પૂરતી નોટિસ ન મળે, પુનર્વસનની વ્યવસ્થા અધૂરી રહે અને સંવાદની જગ્યાએ અચાનક કાર્યવાહી થાય, તો વિકાસ વિશ્વાસ ગુમાવે છે. તુર્કમાન ગેટ અંગે ઉઠતી ટીકા એ જ ચિંતા વ્યક્ત કરે છે કે ભૂતકાળ જેવી ભૂલ ફરી ન દોહરાય.આ વખતે સરકારનું કહેવું છે કે ઇતિહાસમાંથી શીખીને આગળ વધવામાં આવી રહ્યું છે. અનધિકૃત બાંધકામ હટાવતાં પહેલાં નાગરિકોને પૂરતી નોટિસ, સુનાવણીની તક અને કાયદા મુજબ નક્કી કરાયેલ પુનર્વસનની યોજના આપવામાં આવી રહી છે. ન્યાયાલયોની માર્ગદર્શિકાઓનું પાલન, માનવીય સંવેદનશીલતા અને કાયદાની ચોખવટલઆ ત્રણેય વચ્ચે સંતુલન સાધવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જો આ દાવાઓ જમીન પર સાચા ઉતરે, તો વિકાસ અને લોકશાહી વચ્ચેનો વિશ્વાસ મજબૂત બની શકે.તુર્કમાન ગેટ માત્ર એક જૂનું માળખું નથી; તે દિલ્હીના ઇતિહાસનું જીવંત પ્રતીક છે. વિકાસની યોજનામાં તેના ઐતિહાસિક મહત્ત્વને સંરક્ષિત રાખવું એટલું જ જરૂરી છે. સરકારનો હેતુ આ વિસ્તારને એક એવા સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે વિકસિત કરવાનો છે, જ્યાં ઇતિહાસ અને આધુનિકતા એકબીજાની વિરુદ્ધ નહીં, પરંતુ પૂરક બનીને સાથે ચાલે. જો વારસાને સાચવીને વિકાસ થાય, તો શહેર પોતાની ઓળખ ગુમાવ્યા વિના આગળ વધી શકે.ઇમરજન્સીના સમયમાં મિડિયાનો મોટો ભાગ મૌન રહ્યો હતો. આજે સ્થિતિ અલગ છે. મીડિયા અને નાગરિક સમાજ સક્રિય છે અને સત્તાને પ્રશ્ન પૂછે છે. આ લોકશાહી માટે શુભ સંકેત છે.

# વાડીમાં વિકસતો ઘઉંનો પાક, માવઠાથી પાક હારે ખેડૂત નહીં....



**ફ્રાઇડે ફોટો સ્ટોરી**

- જયદીપ એ. દવે.

ખેડૂતને સાવ એમ જ જગતનો તાત નથી કહેવાયો. આ વર્ષે પાછોતરા વરસાદ અને માવઠાથી ખેતરો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા જેના લીધે ખેડૂતોને થયેલા અકલ્પનીય નુકસાન બાદ પણ જગતનો તાત ભાંગી નથી પડ્યો.તેને નવા સપના, નવા જુસ્સા અને વધુ મહેનત સાથે નવી શરૂઆત કરી છે.અને તેની આંગળીને ઓળખી ગયેલી ધરા પણ ફરીથી નવપલ્લિત થઈ રહી છે. જે જોઈ જગતના આ મૂક યોદ્ધાના મનમાં પાકની સાથે હિંમત ઊગી નીકળી છે. ત્યારે કોબડીની વાડીમાં ડિસેમ્બરના પ્રારંભે વાવણી થયેલો ઘઉંનો પાક જાણે કહી રહ્યો છે કે આકાશના અણધાર્યા વર્તાવ સામે પાક હારે જગત નો તાત નહીં.

# મધ્યમ વર્ગને રજૂ થનારા બજેટ માટે ઘણી આશાઓ

દર વર્ષે, ફેબ્રુઆરી મહિનો નજીક આવતાની સાથે, દેશભરના લાખો રોજગાર મેળવનારા અને મધ્યમ વર્ગના પરિવારો એક જ વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરે છે: નાણામંત્રીનું બજેટ ભાષણ. ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ રજૂ થનાર મોદી સરકાર ૩.૦ નું ત્રીજું પૂર્ણ બજેટ ફક્ત આંકડાઓની ગણતરી નથી, પરંતુ એક દસ્તાવેજ છે જે સામાન્ય માણસના ખિસ્સા અને તેની બચતનું ભવિષ્ય નક્કી કરે છે.

આ વર્ષનું કેન્દ્રીય બજેટ (૨૦૨૬-૨૭) ખૂબ જ ખાસ અને ઐતિહાસિક માનવામાં આવે છે. તેનું સૌથી મોટું કારણ એ છે કે તે વર્તમાન આવકવેરા કાયદા હેઠળ રજૂ કરાયેલ છેલ્લું પૂર્ણ બજેટ હશે. સરકાર ૧ એપ્રિલ, ૨૦૨૬ થી લગભગ ૬૦ વર્ષ જૂના કર કાયદાઓને બદલીને નવો 'આવકવેરા કાયદો ૨૦૨૫' લાગુ કરવાની તૈયારી કરી રહી છે. આમ, આ બજેટ ફક્ત વર્તમાન જરૂરિયાતોને પૂર્ણ કરશે નહીં પરંતુ ભવિષ્યની કર પ્રણાલીનો પાયો પણ નાખશે. ચાલો જાણીએ કે આ વખતે કરદાતાઓ નાણામંત્રી પાસેથી કઈ પાંચ મોટી રાહતોની અપેક્ષા રાખી શકે છે.

ગયા વર્ષે, બજેટ ૨૦૨૫ માં, સરકારે "નવી કર વ્યવસ્થા" ને આકર્ષક ગણાવીને હેડલાઇન્સમાં સ્થાન મેળવ્યું હતું. ૧૨ લાખ સુધીની આવકને કરમુક્ત બનાવવા અને



મૂળભૂત મુક્તિ મર્યાદા ૪ લાખ સુધી વધારવા જેવા નિર્ણયોએ નવી વ્યવસ્થાને મજબૂત બનાવી. જો કે, આ ઝગમગાટ વચ્ચે, જેઓ હજુ પણ "જૂની કર વ્યવસ્થા" પર આધાર રાખે છે તેઓ છેતરાયા હોવાનું અનુભવે છે.

જૂની વ્યવસ્થા હેઠળના કરદાતાઓ પીએફ, હોમ લોન અને વીમા દ્વારા બચત પર ભાર મૂકે છે. તેમની સૌથી મોટી માંગ એ છે કે મૂળભૂત મુક્તિ મર્યાદા, જે હજુ પણ ૨.૫ લાખ પર અટવાયેલી છે, તેને વધારવામાં આવે. વધુમાં, કલમ ૮૦ સી હેઠળ ૧.૫ લાખની મુક્તિ ફુગાવાના સમયમાં અપૂરતી સાબિત થઈ રહી છે. કરદાતાઓ ઇચ્છે છે કે બાળકોના શિક્ષણ અને વીમા ખર્ચને ધ્યાનમાં રાખીને આ મર્યાદા ઓછામાં ઓછી ૨ લાખ સુધી વધારવામાં આવે.

**કરંટ ટોપિક**

ફુગાવાના આ યુગમાં, ઘર ખરીદવું અને બીમારીઓની સારવાર કરવી એ એક મોટો પડકાર બની ગયો છે. કરદાતાઓનો મત છે કે રાહત ફક્ત ટેક્સ સ્લેબમાં ફેરફાર કરવાથી જ નહીં, પરંતુ આવશ્યક ખર્ચાઓ પરની મુક્તિથી પણ મળશે. ઘરના વધતા ભાવોની તુલનામાં હોમ લોનના વ્યાજ પર ૨ લાખની મુક્તિ હવે ખૂબ ઓછી છે. વધુમાં, મધ્યમ વર્ગ માંગ કરે છે કે જો સરકાર 'નવી કર વ્યવસ્થા'ને ભવિષ્યમાં બનાવવા માંગે છે, તો તેમાં ચોક્કસ કપાતનો પણ સમાવેશ થવો જોઈએ. ખાસ કરીને, બચત અને રોકાણને પ્રોત્સાહન આપવા માટે આરોગ્ય વીમા અને હોમ લોન પર કર મુક્તિનો સમાવેશ નવી સિસ્ટમમાં થવો જોઈએ.

સામાન્ય માણસ ફક્ત કર ઘટાડવાની વાત કરી રહ્યો નથી; તે સિસ્ટમની મુશ્કેલીઓમાંથી પણ મુક્તિ ઇચ્છે છે. ઘણીવાર એવું જોવા મળે છે કે રિટર્ન ફાઇલ કર્યા પછી, વ્યક્તિને રિફંડ માટે લાંબો સમય રાહ જોવી પડે છે અથવા ટીડીએસ મેચિંગમાં સમસ્યાઓનો સામનો કરવો પડે છે.આગામી નવા કર કાયદાથી સૌથી મોટી અપેક્ષા એ છે કે નિયમો સરળ બનાવવામાં આવશે. "મૂલ્યાંકન વર્ષ" ની વિભાવનાને "કર વર્ષ" સાથે બદલવાની વાત થઈ રહી છે. કરદાતાઓને આશા છે કે બજેટ ૨૦૨૬ મૂડી લાભ કરની જટિલતાઓને ઉકેલશે. હાલમાં, શેરબજાર, મ્યુચ્યુઅલ ફંડ અને મિલકત પર અલગ અલગ નિયમો લાગુ પડે છે, જે મૂંઝવણ પેદા કરે છે. લોકો બધી સંપત્તિઓ માટે એક સમાન અને સરળ સિસ્ટમ ઇચ્છે છે.

# ભાવનગર રેલવે ડિવિઝનનો વિકાસ, સુરક્ષા અને ભવિષ્ય

ભારતના પરિવહન તંત્રમાં રેલવે હંમેશા આર્થિક વિકાસ, સામાજિક જોડાણ અને રાષ્ટ્રીય એકતાનો મજબૂત આધારસ્તંભ રહ્યું છે. ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલું

**ભાવનગર રેલવે મંડળ છેલ્લા કેટલાક વર્ષોમાં નોંધપાત્ર પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે. આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નવી રેલવે લાઈનોના સર્વે, મુસાફર સુવિધાઓમાં સુધારાઓ અને સુરક્ષા વ્યવસ્થાના આધુનિકીકરણ દ્વારા આ મંડળ રેલવેના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. ભાવનગર-ધોલેરા રેલવે લાઈનના લોકેશન સર્વેની ગતિ, નવા સ્ટેશનોનું નિર્માણ, હોટ એક્સલ બોક્સ ડિટેક્ટર જેવી અદ્યતન સુરક્ષા પ્રણાલીઓ અને આવક વૃદ્ધિની સિદ્ધિઓ ભાવનગર રેલવે મંડળના ઉજ્જવળ ભવિષ્યની સાક્ષી આપે છે.**

ભાવનગર રેલવે મંડળ છેલ્લા કેટલાક વર્ષોમાં નોંધપાત્ર પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે. આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નવી રેલવે લાઈનોના સર્વે, મુસાફર સુવિધાઓમાં સુધારાઓ અને સુરક્ષા વ્યવસ્થાના આધુનિકીકરણ દ્વારા આ મંડળ રેલવેના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. ભાવનગર-ધોલેરા રેલવે લાઈનના લોકેશન સર્વેની ગતિ, નવા સ્ટેશનોનું નિર્માણ, હોટ એક્સલ બોક્સ ડિટેક્ટર જેવી અદ્યતન સુરક્ષા પ્રણાલીઓ અને આવક વૃદ્ધિની સિદ્ધિઓ ભાવનગર રેલવે મંડળના ઉજ્જવળ ભવિષ્યની સાક્ષી આપે છે.ભાવનગર ડિવિઝનના ક્ષ્ઇસ દિનેશ વર્માએ જણાવ્યું હતું કે ભાવનગર-ધોલેરા રેલવે લાઈનનો લોકેશન સર્વે ઝડપી ગતિએ ચાલી રહ્યો છે. આ સર્વે પૂર્ણ થયા બાદ રેલવે મંત્રાલય દ્વારા આગળનો અંતિમ નિર્ણય લેવામાં આવશે. આ રેલવે લાઈન માત્ર એક પરિવહન પ્રોજેક્ટ નથી, પરંતુ ધોલેરા સ્માર્ટ સિટી અને આસપાસના ઔદ્યોગિક વિસ્તારોને સીધું જોડીને આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપનાર મહત્વપૂર્ણ કડી બની રહેશે. આ લાઈન પૂર્ણ થયા પછી મુસાફરો અને માલવહન બંને માટે સમય અને ખર્ચની બચત થશે, તેમજ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત વચ્ચેનો સંપર્ક વધુ મજબૂત બનશે.

ભાવનગર પરા ખાતે અદ્યતન રેલવે સ્ટેશન બનાવવાની યોજના પણ મંડળના વિકાસનો મહત્વપૂર્ણ ભાગ છે. આ સ્ટેશન મુસાફરો માટે વધુ સુવિધાજનક, સ્વચ્છ અને આધુનિક સુવિધાઓથી સજ્જ હશે. સાથે જ ભાવનગર-સુરત ટ્રેન અંગે પણ મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી છે. સુરત ખાતેના સંબંધિત સ્ટેશનના કામ પૂર્ણ થયા બાદ આ ટ્રેન સુરત સુધી શરૂ કરવામાં આવશે, જે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચેના મુસાફરો માટે મોટી રાહતરૂપ સાબિત થશે. ગાંધીગ્રામ-ઓખા જેવી ટ્રેનોમાં મુસાફરોની ભારે માંગ હોવાને કારણે વધુ કોચ ઉમેરવામાં આવ્યા છે, જે દર્શાવે છે કે ભાવનગર મંડળની રેલ સેવાઓ પર લોકોનો વિશ્વાસ સતત વધી રહ્યો છે.વર્ષ ૨૦૨૫ દરમિયાન ભાવનગર રેલવે મંડળે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસના ક્ષેત્રમાં ઐતિહાસિક સિદ્ધિઓ મેળવી છે. આ સમયગાળામાં ૧૭ ઓવરબ્રિજ અને અંડરબ્રિજનું નિર્માણ અથવા સુધાર કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. આ બ્રિજોના નિર્માણથી રેલવે ટ્રેક પરના લેવલ ક્રોસિંગ ઘટ્યા છે, જેના કારણે માર્ગ અને રેલ બંને પર અકસ્માતોની સંભાવના ઓછી થઈ છે. સાથે જ શહેરો અને ગામોમાં ટ્રાફિકની સમસ્યામાં પણ નોંધપાત્ર રાહત મળી છે. પાણી ભરાવાની સમસ્યાના નિવારણ માટે દામનગર-શિવિયા જેવા વિભાગોમાં નવા વોટરવે બ્રિજ બનાવવામાં આવ્યા છે, જે મોનસૂન દરમિયાન રેલવે ટ્રેકને સુરક્ષિત રાખવામાં મદદરૂપ થશે.યાત્રીઓની સુવિધા માટે ફૂટ ઓવર બ્રિજોના નિર્માણ પર પણ ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. શિહોર જેવા સ્ટેશનો પર નવા ફૂટ ઓવર બ્રિજ લોકાર્પિત કરવામાં આવ્યા છે, જેથી મુસાફરોને ટ્રેક પાર કરવામાં સરળતા અને સુરક્ષા મળે. મંડળના વિવિધ સ્ટેશનો પર નવા પ્લેટફોર્મ શેલ્ટર, પીવાનું પાણી, સ્વચ્છતા સુવિધાઓ અને ડિજિટલ માહિતી પ્રણાલીઓ પણ વિકસાવવામાં આવી રહી છે. અમૃત ભારત સ્ટેશન યોજનાના અંતર્ગત રાજુલા, રોઠળ, પાયા

**આસપાસ ચોપાસ** — સુરેશ ભટ્ટ

સહિતના સ્ટેશનોનો નવીન વિકાસ કરવામાં આવ્યો છે, જેને વડાપ્રધાન દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ સ્ટેશનો હવે માત્ર મુસાફરો માટેના સ્થળ નહીં પરંતુ સ્થાનિક વિકાસના કેન્દ્ર તરીકે પણ ઉભરી રહ્યા છે.રેલવે સુરક્ષા ભાવનગર મંડળની સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છે. આ દિશામાં હોટ એક્સલ બોક્સ ડિટેક્ટર જેવી અદ્યતન ટેક્નોલોજીનો વ્યાપક ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. હોટ એક્સલ બોક્સ ડિટેક્ટર એ ટ્રેનના કોચના એક્સલ બોક્સનું તાપમાન માપતું સુરક્ષા ઉપકરણ છે. જો કોઈ એક્સલ બોક્સ અસામાન્ય રીતે વધુ ગરમ થાય તો તે બેરિંગ ફેલ થવા, તેલની અછત અથવા વધારે ઘર્ષણનું સૂચન કરે છે, જે અકસ્માતનું કારણ બની શકે. આ સિસ્ટમ ઈન્ફ્રારેડ સેન્સર દ્વારા ટ્રેન પસાર થાય ત્યારે સંપર્ક વિના તાપમાન માપે છે અને જો નિર્ધારિત મર્યાદા કરતાં વધુ તાપમાન હોય તો તરત જ એલાર્મ જનરેટ કરે છે. આ માહિતી કંટ્રોલ રૂમ અને સ્ટેશન માસ્ટરને પહોંચે છે, જેથી ટ્રેનને આગળના સ્ટેશન પર રોકી તપાસ કરી શકાય. લિલિયા મોટી, રાણપુર, તરાસાઈ અને અન્ય સ્ટેશનો પર આ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે, જેના કારણે ટ્રેન અકસ્માતોની શક્યતા નોંધપાત્ર રીતે ઘટી છે.ખોડિયાર મંદિર સ્ટેશન પર ઈલેક્ટ્રોનિક ઈન-મોશન વેઈંગ સિસ્ટમ કાર્યરત કરવામાં આવી છે. આ સિસ્ટમ દ્વારા ટ્રેન ચાલતી હોય ત્યારે જ તેના વજનનું માપન થઈ શકે છે, જેના કારણે ઓવરલોડિંગ પર અસરકારક નિયંત્રણ શક્ય બન્યું છે. ઓવરલોડિંગ માત્ર





રેલવે સંપત્તિને નુકસાન પહોંચાડતું નથી, પરંતુ સુરક્ષાના દૃષ્ટિકોણથી પણ જોખમી છે. આ પ્રકારની ટેક્નોલોજી અપનાવવાથી રેલવે વધુ સુરક્ષિત અને કાર્યક્ષમ બની રહી છે.ભાવનગર રેલવે મંડળે આવકના ક્ષેત્રમાં પણ નોંધપાત્ર પ્રગતિ કરી છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન મંડળે કુલ ?૧૩૭૫.૯૪ કરોડની આવક હાંસલ કરી છે, જે તેની કાર્યક્ષમતા અને વધતી સેવાઓનો પુરાવો છે. સ્ટેશનો પર કોમર્શિયલ પ્રવૃત્તિઓ, કમ્યુનિટી હોલ, સોલાર પ્લાન્ટ અને અન્ય સુવિધાઓ સ્થાપિત કરીને આર્થિક બચત અને આવક બંનેમાં વધારો કરવામાં આવ્યો છે. ભાવનગર પરા અને ભાવનગર પશ્ચિમ સ્ટેશનો પર સ્થાપિત સોલાર પ્લાન્ટ દ્વારા ઊર્જા ખર્ચમાં ઘટાડો થયો છે, જે પર્યાવરણ સંરક્ષણની દિશામાં પણ એક મહત્વપૂર્ણ પગલું છે.આ તમામ વિકાસ કાર્યો દર્શાવે છે કે ભાવનગર રેલવે મંડળ માત્ર ટ્રેનો ચલાવતું એક પ્રશાસનિક એકમ નથી, પરંતુ તે પ્રદેશના સામાજિક અને આર્થિક વિકાસનો સક્રિય ભાગીદાર છે. નવી રેલવે લાઈનો, આધુનિક સ્ટેશનો, સુરક્ષા ટેક્નોલોજી અને મુસાફર સુવિધાઓ દ્વારા મંડળ ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આગળ વધી રહ્યું છે. ભાવનગર-ધોલેરા રેલવે લાઈન જેવી યોજનાઓ પૂર્ણ થયા બાદ આ વિસ્તાર ઉદ્યોગ, વેપાર અને રોજગારના નવા અવસરો માટે તૈયાર થશે.

ઉપસંહાર

સારાંશરૂપે કહી શકાય કે ભાવનગર રેલવે મંડળે છેલ્લા સમયમાં જે વિકાસાત્મક અને આધુનિકીકરણના પગલાં લીધા છે, તે માત્ર રેલવે માટે નહી પરંતુ સમગ્ર સૌરાષ્ટ્ર પ્રદેશ માટે લાભદાયી સાબિત થશે. સુરક્ષા, સુવિધા અને ટકાઉ વિકાસના સંતુલન સાથે આગળ વધતું આ મંડળ ભારતીય રેલવેના બદલાતા ચહેરાનું ઉત્તમ ઉદાહરણ છે. આવનારા વર્ષોમાં જ્યારે નવી લાઈનો શરૂ થશે અને પ્રસ્તાવિત યોજનાઓ પૂર્ણ થશે, ત્યારે ભાવનગર રેલવે મંડળ વિકાસની નવી ગાથા લખશે, જેમાં મુસાફરોનો વિશ્વાસ અને પ્રદેશની પ્રગતિ બંને સમાન રીતે જોડાયેલા રહેશે.

# રોહિત શર્મા અને વિરાટ કોહલીનું હાલમાં આઇસીસી વનડે રેક્કિંગમાં પ્રભુત્વ

નવીદિલ્હી,

ભારત અને ન્યુઝીલેન્ડની ટીમો ૧૧ જાન્યુઆરીએ વનડે શ્રેણીની પહેલી મેચમાં ટકરાશે. મેચ દૂર નથી, ફક્ત થોડા દિવસો બાકી છે. સદનસીબે, પહેલી મેચ રવિવારે છે, તેથી તમે તેને આરામથી જોઈ શકો છો. દરમિયાન, શ્રેણી શરૂ થાય તે પહેલાં, બે ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન, વિરાટ કોહલી અને રોહિત શર્મા માટે વર્તમાન આઈસીસી વનડે રેક્કિંગ શોધો.

જાન્યુઆરી ૨૦૨૬ માં હજુ સુધી કોઈ વનડે મેચ રમાઈ નથી. આ વર્ષ, ૨૦૨૬ માં હજુ સુધી કોઈ વનડે મેચ રમાઈ નથી.આઈસીસીએ છેલ્લે ૬ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ વનડે રેક્કિંગ અપડેટ કર્યું હતું, અને ત્યારથી તે યથાવત છે. ૧૧ જાન્યુઆરીએ રોહિત શર્મા અને વિરાટ કોહલી ન્યુઝીલેન્ડ




સામે પ્રથમ વનડે રમ્યા પછી જ રેક્કિંગ અને રેટિંગ બદલાશે.

પૂર્વ ભારતીય કેપ્ટન રોહિત શર્મા હાલમાં આસીસી વનડે રેક્કિંગમાં નંબર વન બેટ્સમેન છે. તેમનું રેટિંગ હાલમાં ૭૮૧ છે. રોહિત શર્માએ તાજેતરમાં રેક્કિંગમાં નંબર વન સ્થાન પાછું મેળવ્યું, પછી એક અઠવાડિયા માટે નીચે આવ્યું, પરંતુ પછી સ્વસ્થ થઈને ત્યાં જ રહ્યું. દરમિયાન, વિરાટ કોહલીનું રેટિંગ ૭૭૩ છે, અને તે બીજા નંબરે યથાવત છે. આનો અર્થ એ છે કે બંને ખેલાડીઓ પ્રથમ અને બીજા ક્રમે છે, તેમના રેટિંગમાં બહુ તફાવત નથી. શ્રેણી પૂરી થાય ત્યારે કયો ખેલાડી જીતશે તે જોવાનું બાકી છે.

વિરાટ કોહલી અને રોહિત શર્મા બંને હાલમાં ફક્ત વનડે રમી રહ્યા છે, અન્ય ફોર્મેટમાંથી નિવૃત્તિ લીધી છે. તાજેતરમાં, રોહિત અને વિરાટે વિજય હજારે મેચોમાં પણ રમ્યા હતા, તેમાં સદી ફટકારી હતી. હવે, કેટલાક વીડિયો સામે આવી રહ્યા છે જેમાં બતાવવામાં આવી રહ્યું છે કે વિરાટ અને રોહિત આગામી ન્યુઝીલેન્ડ શ્રેણી માટે રન બનાવવા માટે સખત મહેનત કરી રહ્યા છે. તે જોવાનું બાકી છે કે શ્રેણીમાં કયો બેટ્સમેન સૌથી વધુ રન બનાવવામાં સફળ થાય છે.

# શ્રીલંકન ક્રિકેટે ભૂતપૂર્વ ભારતીય ખેલાડી વિક્રમ રાઠોડને તેની ટીમના કોચિંગ સેટઅપમાં ઉમેરવાનો નિર્ણય લીધો

નવીદિહી,

ભારત અને શ્રીલંકા દ્વારા સંયુક્ત રીતે યોજાતો આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૭ ફેબ્રુઆરીથી શરૂ થશે, જેમાં કુલ ૨૦ ટીમો ભાગ લેશે. શ્રીલંકા ગ્રુપ બીમાં સ્થાન મેળવ્યા પછી, ઘરેલુ મેદાન પર તેની ગ્રુપ સ્ટેજ મેચ રમશે. શ્રીલંકન ટીમ ૮ ફેબ્રુઆરીએ આયર્લેન્ડ સામે તેની પહેલી મેચ રમશે. શ્રીલંકા ક્રિકેટે ટુર્નામેન્ટ માટે પોતાની પ્રોવિઝનલ ટીમની જાહેરાત કરી છે અને ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં તે તેની અંતિમ ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરશે. દરમિયાન, શ્રીલંકા ક્રિકેટે તેના કોચિંગ સેટઅપ અંગે એક મોટો નિર્ણય લીધો છે, જેમાં ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ ખેલાડી વિક્રમ રાઠોડની



નિમણૂકનો સમાવેશ થાય છે.

શ્રીલંકા ક્રિકેટે આગામી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માટે વિક્રમ રાઠોડને ટીમના બેટિંગ કોચ તરીકે નિમણૂક કરવાનો નિર્ણય લીધો છે. હાલમાં, રાઠોડ આઈપીએલમાં રાજસ્થાન રોયલ્સ કોચિંગ સેટઅપનો ભાગ છે, સહાયક કોચ તરીકે સેવા આપી રહ્યા છે. તે ફક્ત T20 વર્લ્ડ કપ માટે શ્રીલંકન ટીમના કોચિંગ સેટઅપનો ભાગ રહેશે. અગાઉ ૨૦૨૪ માં, જ્યારે રોહિત શર્માની કેપ્ટનશીપ હેઠળ ભારતીય ટીમે ટી ૨૦ વર્લ્ડ કપ જીત્યો હતો, ત્યારે વિક્રમ રાઠોડ ટીમ ઈન્ડિયાના કોચિંગ સેટઅપનો ભાગ હતા, બેટિંગ કોચ તરીકે સેવા આપી રહ્યા હતા.

# હવે મહિલા ક્રિકેટનો વારો,હરમનપ્રીત કૌર અને સ્મૃતિ મંધાના સામસામે ટકરાશે




મુંબઇ,

મહિલા પ્રીમિયર લીગની આગામી સીઝન શરૂ થવાની છે. આ ટુર્નામેન્ટની ચોથી સીઝન હશે. પહેલી જ મેચમાં ભારતીય ક્રિકેટ ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌર અને ઉપ-કેપ્ટન સ્મૃતિ મંધાના એકબીજા સામે ટકરાશે. ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં, તમારે જાણવું જોઈએ કે મેચો કયા સમયે શરૂ થશે.

ડબ્લ્યુપીએલ ૨૦૨૬ ની ચોથી સીઝન ૯ જાન્યુઆરીથી શરૂ થશે. શરૂઆતના દિવસે મુંબઈ ઈન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે મેચ થશે. હરમનપ્રીત કૌર હંમેશની જેમ મુંબઈ ઈન્ડિયન્સ ટીમનું નેતૃત્વ કરશે, જ્યારે સ્મૃતિ મંધાના ઈઝમ્નું નેતૃત્વ કરશે. બંને ખેલાડીઓ પોતપોતાની ટીમો માટે વિજય સુનિશ્ચિત કરવા માટે પોતાનું સર્વસ્વ આપશે. અત્યાર સુધી, તેઓ ભારતની જીત સુનિશ્ચિત કરવા માટે સાથે રમ્યા હતા, પરંતુ હવે પરિસ્થિતિ થોડા સમય માટે બદલાશે.

જેમ આપણે ઉલ્લેખ કર્યો છે, મહિલા પ્રીમિયર લીગની આ સીઝન ૯ જાન્યુઆરીથી શરૂ થશે અને ૫ ફેબ્રુઆરી સુધી ચાલુ રહેશે. આનો અર્થ એ છે કે ટુર્નામેન્ટની ચેમ્પિયન ટીમ આ જ રાત્રે જાહેર કરવામાં આવશે. પ્રથમ દિવસે સાંજે ૭:૩૦ વાગ્યે શરૂ થનારી ફક્ત એક જ મેચ હશે. ટોસ તેના અડધા કલાક પહેલા થશે. સાંજે રમાનારી બધી મેચ એક જ સમયે રહેશે. જોકે, ટૂર્નામેન્ટના બીજા દિવસે, શનિવારે બે મેચ રમાશે. દિવસની મેચ બપોરે ૩:૩૦ વાગ્યે શરૂ થશે, જેના અડધા કલાક પહેલા, બપોરે ૩ વાગ્યે ટોસ થશે. શનિવારે બીજી મેચ ફરીથી નિર્ધારિત સમયે રમાશે. જોકે, રવિવારે ફક્ત એક જ મેચ છે જે સાંજે ૭:૩૦ વાગ્યે શરૂ થશે.

આ ટુર્નામેન્ટ ત્રણ વખત રમાઈ છે. પહેલી મહિલા પ્રીમિયર લીગ ૨૦૨૩માં રમાઈ હતી, જ્યારે હરમનપ્રીત કૌરની કેપ્ટનશીપમાં મુંબઈ ઈન્ડિયન્સે જીત મેળવી હતી. ત્યારબાદ, ૨૦૨૫માં, સ્મૃતિ મંધાનાની આગેવાની હેઠળ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ટાઈટલ જીત્યું.

# આઈપીએલ ૨૦૨૬ : પંજાબ કિંગ્સના સ્પિન બોલિંગ કોચ સુનીલ જોશીએ ટીમ છોડી દેવાનો નિર્ણય લીધો

મુંબઇ,

આઈપીએલ ૨૦૨૬ પહેલા પંજાબ કિંગ્સ ફ્રેન્ચાઇઝને મોટો ઝટકો લાગ્યો છે. ગયા સિઝનમાં ફ્રેન્ચાઇઝની સફળતામાં મુખ્ય ભૂમિકા ભજવનાર સ્પિન બોલિંગ કોચ સુનીલ જોશીએ હવે ટીમ છોડવાનો નિર્ણય લીધો છે. નોંધનીય છે કે પંજાબ કિંગ્સની ટીમ ૧૪ વર્ષ પછી આઈપીએલ ફાઈનલમાં પહોંચી હતી. મુખ્ય કોચ રિકી પોન્ટિંગ અને તેમના કોચિંગ સ્ટાફે ટીમને ફાઈનલમાં પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. સુનીલ જોશી તે કોચિંગ સ્ટાફનો મુખ્ય ભાગ હતા. જોકે, તેમણે આગામી સીઝન પહેલા ટીમ છોડવાનો નિર્ણય




લીધો છે, જે પંજાબ કિંગ્સ ફ્રેન્ચાઇઝ માટે મોટો ફટકો છે.

ક્રિકબઝના રિપોર્ટ મુજબ, સુનીલ જોશી બીસીસીઆઈના સેન્ટર ઓફ એક્સેલન્સમાં કામ કરી શકે છે. સુનીલ જોશીએ ૫ ઓક્ટોબરે પ્રીતિ ઝિન્ટાની ફ્રેન્ચાઇઝીને તેમના નિર્ણયની જાણ કરી હતી. જોકે, સેન્ટર ઓફ એક્સેલન્સમાં સુનીલ જોશીની ભૂમિકા અંગે હજુ સુધી કોઈ સત્તાવાર અહેવાલ બહાર પાડવામાં આવ્યો નથી. નોંધનીય છે કે સુનીલ જોશી અગાઉ આઈપીએલ ૨૦૨૦ થી ૨૦૨૨ સુધી પંજાબ ટીમના સભ્ય તરીકે સેવા આપી ચૂક્યા છે. જ્યારે રિકી પોન્ટિંગ આઈપીએલ ૨૦૨૫ પહેલા ટીમના મુખ્ય કોચ બન્યા, ત્યારે પંજાબ ફ્રેન્ચાઇઝીએ તેમને ટીમ સાથે બીજા કાર્યકાળની ઓફર કરી.

સુનીલ જોશીએ ૧૯૯૬ થી ૨૦૦૧ દરમિયાન ભારત માટે ૧૫ ટેસ્ટ અને ૬૯ વનડે રમી હતી, જેમાં કુલ ૧૧૦ વિકેટ લીધી હતી. તેમની પાસે ૪૧ ટેસ્ટ વિકેટ અને ૬૯ વનડે વિકેટ છે. તેમણે થોડા સમય માટે ઉત્તર પ્રદેશ રાજ્ય ટીમના મુખ્ય કોચ તરીકે પણ સેવા આપી હતી. તેમણે ટીમ ઈન્ડિયાના મુખ્ય પસંદગીકાર તરીકે પણ સેવા આપી છે.



# દક્ષિણ સુંદરી શ્રીલીલા સુષ્મિતા સેનના માર્ગ પર ૨૪ વર્ષની ઉંમરે ત્રણ બાળકોની માતા

મુંબઇ,


સુષ્મિતા સેન જ્યારે પોતાની પહેલી દીકરી રેનીને દત્તક લીધી ત્યારે તેની ઉંમર ૨૪ વર્ષની હતી. ૨૦૦૦ માં, સુષ્મિતા સેને તેનું નામ રેની રાખ્યું અને પછી બીજી દીકરી અલીસાને દત્તક લીધી. પરંતુ શું તમે દક્ષિણ ભારતીય સુંદરીને જાણો છો જેણે ૨૪ વર્ષની ઉંમરે ત્રણ બાળકોને દત્તક લીધા છે? અમે તેલુગુ અને કન્નડ સિનેમાની સૌથી લોકપ્રિય અભિનેત્રીઓમાંની એક શ્રીલીલા વિશે વાત કરી રહ્યા છીએ, જે કાર્તિક આર્યન સાથે બોલીવુડમાં પ્રવેશ કરી રહી છે. તાજેતરમાં, શ્રીલીલાએ તેના અંગત જીવન અને બાળકો વિશે ખુલ્લેઆમ વાત કરી. શ્રીલીલાએ એ પણ ખુલાસો કર્યો કે તે ત્રણ બાળકોની માતા હોવા છતાં, તે પોતાને "સંપૂર્ણ માતા" માનતી નથી. તેણે આ પાછળનું કારણ સમજાવ્યું.

નોંધનીય છે કે ૨૪ વર્ષની શ્રીલીલાએ ત્રણ બાળકોને દત્તક લીધા છે, જેમની તે સંભાળ રાખે છે. તાજેતરમાં, ગલાટા પ્લસ સાથેના એક ઈન્ટરવ્યુમાં, અભિનેત્રીએ તેના કામ અને તેના ત્રણ બાળકોના ઉછેર વિશે વાત કરી, અને ખુલાસો કર્યો કે તેના બાળકો હાલમાં તેની સાથે રહેતા નથી. જોકે, શ્રીલીલા એમ પણ કહે છે કે તે ક્યારેય ભૂલતી નથી કે તેના બાળકોની સારી સંભાળ રાખવામાં આવે.એક ઈન્ટરવ્યુમાં જ્યારે તેને પૂછવામાં આવ્યું કે તે તેની ફિલ્મી કારકિર્દી અને ત્રણ બાળકોની સંભાળ કેવી રીતે સંતુલિત કરે છે, ત્યારે તેણે જવાબ આપ્યો, "તે વિશે વાત કરતી વખતે મને ઘણીવાર શબ્દો ખોવાઈ જાય છે." હું ગભરાઈ જાઉં છું, પરંતુ મેં તેમની સંભાળ રાખવા માટે દરેક પ્રયાસ કર્યો છે. પરંતુ મારે કહેવું જ જોઈએ કે હું 'માતા' નથી, અને તેની પાછળ એક અલગ વાર્તા છે.

# ભારતી સિંહ પોતાના પુત્રના જન્મ પછી કામ ઉપર પાછી ફરી

મુંબઇ,

ભારતી સિંહે તાજેતરમાં પોતાના બીજા બાળકને જન્મ આપ્યો. કોમેડી ક્વીને ૧૯ ડિસેમ્બરે પોતાના બીજા બાળકનું દુનિયામાં સ્વાગત કર્યું, અને હવે, ડિલિવરીના ૨૦ દિવસની અંદર, ભારતી કામ પર પાછી ફરી છે. ભારતી કલર્સ ટીવીના લોકપ્રિય શો "લાફ્ટર શેફ્સ સીઝન ૩" ને હોસ્ટ કરતી જોવા મળશે. આ લોકપ્રિય શોનું શૂટિંગ નવા વર્ષની શરૂઆત સાથે શરૂ થયું હતું, જેમાં કૃષ્ણા અભિષેક, કાશ્મીરા શાહ, ગુરમીત ચૌધરી, દેબીના બોનરજી, જન્નત ઝુબૈર, કરણ કુન્દ્રા અને એલ્વિશ યાદવ જેવી હસ્તીઓ હતી. જોકે, ભારતી સિંહે લાઈમલાઈટ ચોરી લીધી. શોમાં




પાછા ફર્યા બાદ, ભારતીએ બધાને મીઠાઈઓ પણ વહેંચી.

"લાફ્ટર શેફ્સ સીઝન ૩" ના સેટ પર પાછી ફરેલી ભારતી સિંહે તેના બીજા બાળક કાજુના આગમનની ઉજવણી ત્યાં હાજર પાપારાઝીઓને મીઠાઈઓ આપીને કરી. આ દરમિયાન, કોઈએ પૂછ્યું કે કાજુ ક્યાં છે અને ભારતી તેનો તેના બીજા પુત્ર સાથે ક્યારે પરિચય કરાવશે. ભારતીએ જવાબ આપ્યો, "ગોલા અને કાજુ બંને ઘરે છે, અને જ્યારે તમે કેમેરા વિના મને મળવા આવશો, ત્યારે હું ચોક્કસપણે તમને કાજુનો પરિચય કરાવીશ."

# તમન્ના ભાટિયા અને વિજય વર્માના નજીકના મિત્રને તેની ભૂતપૂર્વ પત્ની સાથે પ્રેમ થઈ ગયો

મુંબઇ,

કંતારા, કમાન્ડો અને હેટ સ્ટોરી જેવી ફિલ્મોમાં પોતાના શક્તિશાળી અભિનય માટે પ્રશંસા મેળવનાર અભિનેતા ગુલશન દેવૈયા ફરીથી પ્રેમમાં છે. ગુલશનના લગ્ન ૨૦૧૨ માં થયા અને ૨૦૨૦ માં છૂટાછેડા થયા. પરંતુ છૂટાછેડા પછી થોડા સમય પછી, ગુલશન ફરીથી પ્રેમમાં પડ્યો. આશ્ચર્યજનક રીતે, તે તેની ભૂતપૂર્વ પત્ની સાથે પ્રેમમાં પડી ગયો છે અને છૂટાછેડા પછી ફરીથી તેની સાથે ડેટિંગ કરી રહ્યો છે. ગુલશને તાજેતરમાં આ વાતનો ખુલાસો કર્યો. તમન્ના ભાટિયા અને વિજય વર્માના નજીકના મિત્ર ગુલશને અગાઉ તેમના સંબંધોનો ખુલાસો કર્યો હતો. હવે, ગુલશને તાજેતરમાં ખુલાસો કર્યો કે તે તેની ભૂતપૂર્વ પત્નીને ડેટ કરી રહ્યો છે. ચાલો જાણીએ કે ગુલશનની ભૂતપૂર્વ પત્ની કોણ છે, જેની ગ્રીક સુંદરતાએ ગુલશનને ફરીથી સ્તબ્ધ કરી દીધો છે.ગુલશન દેવૈયાએ અનુરાગ કશ્યપની ૨૦૧૦ ની ફિલ્મ "ધ ગર્લ ઈન યલો બૂટ" થી પોતાની કારકિર્દીની શરૂઆત કરી. આ ફિલ્મે તેમને નોંધપાત્ર ઓળખ અને



બોલિવૂડમાં કારકિર્દી લાવી. આ સમય દરમિયાન, તેઓ સુંદર ગ્રીક અભિનેત્રી કિલોરી તેજૈપ્તાને મળ્યા. તેઓ મિત્રો બન્યા અને પ્રેમમાં પડ્યા. ૨૦૧૨ માં ગુલશન અને કિલ્લોરીના લગ્ન થયા. લગ્ન પછી, બંને ખૂબ જ ખુશ હતા અને તેમની કારકિર્દીમાં સારી પ્રગતિ કરી. જોકે, તેમની પ્રેમકથા ફક્ત આઠ વર્ષ ચાલી, અને ૨૦૨૦ માં, તેઓ અલગ થઈ ગયા. આઠ વર્ષ પછી, ગુલશન અને કિલ્લોરીએ છૂટાછેડા લીધા.ગ્રીસની વતની કિલ્લોરી તેજાફ્તા એક સુંદર અભિનેત્રી છે અને બોલીવુડમાં કામ કરે છે. કિલ્લોરી ઘણી બોલીવુડ વેબ સિરીઝમાં પણ જોવા મળી છે. તેણીએ મેડ ઈન હેવન ૨ અને બાર્ડ ઓફ બ્લડ જેવી વાર્તાઓમાં મજબૂત પાત્રો ભજવ્યા છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઇ | સ | વિ | જ | ભો | અ | સ | ઈ | ર | હા | સા | પ્ર |
| આ | મ | ર | જ્ઞા | ળ | અં | ર | ક | ત | ર | ગં | ણા |
| મા | વિ | ર | વા | ન | ધ | ર | ગ | ણા | બં | બા | બા |
| સ | ર | ગી | ગ | ળો | અં | તી | મા | કા | ધ | ર | આ |
| શિ | ક્ષ | ક | ફ | ર | ણ | કા | ર | તુ | સા | ર | મા |
| ક | જ | સ | ગ | ક્રો | દા | સા | સ | ખ | વિ | ઉ | મા |
| ગ | ર | મ | બૂ | કા | કા | આ | બા | મા | મો | વ | દ |
| અ | વિ | લ | અ | ર | મા | શિ | ત | ભો | ધ | ક્ષ | ર |
| ળ | ચા | ક્ષ | વિ | તી | ક્રો | ક્ષ | જ્ઞા | ઉ | ભ | અ: | પ્ર |
| ણ | ર | કા | વા | આ | ઈ | ણ | ક્ષ | દા | આ | ર | સા |
| કા | ણા | આ | વા | ર | મો | અં | દ | રા | લી | લ | ઔ |
| હિ | ળો | ગ | ર | અ: | મો | ઇ | ન | મ | સ | ચા | વ |

શબ્દ શોધો: મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# સોમવારે રાજકોટમાં ૪૦૦ યોગ સાધકો માટે સૂર્યનમસ્કાર સ્પર્ધાનું આયોજન

## ૧૦ થી ૫૦ વર્ષથી વધુ ઉંમરના વડીલો સૂર્યનમસ્કાર સ્પર્ધામાં ભાગ લેશે

રાજકોટ,પતંજલિ યોગ સમિતિ અને ભારત વિકાસ પરિષદ આનંદ નગર શાખાના સંયુકત ઉપક્રમે ૧૨ મી જાન્યુઆરી, સોમવારે વિશ્વ વંદનીય યુગપુરૂષ સ્વાપમી વિવેકાનંદની જન્મજયંતિ નિમિતે સૂર્યનમસ્કાર યોજાશે. ૪૦૦ થી વધારે લોકો દ્વારા ૧૦૮ સૂર્યનમસ્કાર કરાશે. સૂર્યના પહેલા કિરણ એટલે કે સવારે ૬:૩૦ વાગે સ્પર્ધા પૂજય રણછોડદાસજી બાપુ કોમ્યુનિટી હલ આનંદ નગર મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

કુલ ચાર ગૃપ ઉંમર પ્રમાણે ભાઈઓ તથા બહેનોના રહેશે. ૨૪ વિજેતાઓને પતંજલિ યોગ સમિતિ અને ભારત વિકાસ પરિષદ દ્વારા શિલ્ડ અને સન્માનપત્ર આપવામાં આવશે.

આ સુર્યનમસ્કાર સ્પર્ધામાં ભાગ લેનાર તમામ ભાઈઓ અને બહેનોએ પતંજલિ યોગ સમિતિ ભારત વિકાસ પરિષદ દ્વારા ટીશર્ટ અને સન્માનપત્ર આપવામાં આવશે. આ સ્પર્ધામાં જોડવનાર દરેક ભાઈઓ તથા બહેનોએ નિયમોનું પાલન કરવું ફરજિયાત રહેશે અને પ્રગ્રામના અંતે બધા સાથે નાસ્તોઆ પણ રાખવામાં આવેલ છે. આ સૂર્યનમસ્કાર સ્પર્ધાનું સંચાલન રાજકોટ પતંજલિ યોગ સમિતિના જિલ્લા અધ્યક્ષ નીતિનભાઈ કેસરીયા તથા મહિલા પતંજલિ યોગ સમિતિના જિલ્લા અધ્યંક્ષ નિશાબેન ઠુંમર અને ભારત વિકાસ પરિષદના રીજીયનલ સંગઠન સેક્રેટરી પ્રફુલગિરિ ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી રહ્યું છે.

સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે પતંજલિ યોગ સમિતિના રાજય પ્રભારી લક્ષ્મણભાઈ પટેલ, ભારત વિકાસ પરિષદના ક્ષેત્રિય સંગઠન સચિવ પ્રફુલગિરિ ગોસ્વામી તથા યોગ ગુરૂ કિશોરભાઈ પઢીયાર, રાજકોટ જિલ્લાના પૂર્વ પ્રભારી નટવરસિંહ ચૌહાણ, ભારત વિકાસ પરિષદ મહાનગર સંયોજક રમેશભાઈ દત્તા, પ્રાંત કાર્યકારી પ્રમુખ જેઠસુરભાઈ ગુજરીયા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા વગેરે ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમને સફળ બનાવવા માટે પતંજલિ યોગ સમિતિના નીતિનભાઈ કેસરીયા, નિશાબેન ઠુંમર, ધીરૂભાઈ ઠુંમર, શ્રદ્ધાબેન ગોસ્વામી, અલ્પાબેન પારેખ, ગીતબેન સોજીત્રા, પૂનમબેન કટારીયા, પદમાબેન રાછ, વિગેરે જહેમત ઉઠાવી રહ્યા છે. તેમ સંસ્થાના પ્રમુખ વિજયભાઈ કુંભારવાડીઆ અને મંત્રી ચિરાગભાઈ ગોસ્વામીની યાદિ જણાવે છે.

# રાજકોટમાં વિવેકાનંદ જયંતિ નિમિતે એક સપ્તાહ શ્રેણીબદ્ધ કાર્યક્રમોનો પ્રારંભ

રાજકોટ, વિવેકાનંદ યુથ કલબ દ્વારા ઉઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડયા રહો નો નારો આપનાર ભારતના ભાગ્યથવિધાતા યુવાનોના આરાધ્યદેવ સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ તેમજ સંસ્થાવના સ્થાપના દિવસ નિમિતે શ્રેણીબદ્ધ કાર્યક્રમો તા. ૮ જાન્યુઆરીથી ૧૫ જાન્યુઆરી સુધી યોજવામાં આવેલ છે.

સંસ્થાના સુકાની અનુપમ દોશી, પંકજ રૂપારેલીયા, હસુભાઈ શાહ, જયેન્દ્રભાઈ મહેતા વધુમાં જણાવે છે કે ૧૨ જાન્યુઆરી વિવેકાનંદ જયંતિના દિવસે સવારના યાજ્ઞિક રોડ પર આવેલ સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને હારતોરા પુષ્પાંજલિ, શહેરના સદર વિસ્તાયરમાં આવેલ રમેશભાઈ છાયા બોયઝ સ્કુલના છાત્રોની વકતૃત્વ સ્પર્ધા અને સ્વામી વિવેકાનંદના જીવન કવન વિષે વક્તવ્ય, કોટડા સાંગાણી તાલુકાના પીપલાણા સરકારી પ્રાથમિક શાળાના ધોરણ ૧ થી ૮ના છાત્રો માટે લીંબુ ચમચી, સંગીત ખુરશી, કોથળા દોડ, ઉંધી દોડ સહિતની સ્પર્ધાઓ યોજાશે.

શિયાળાની ઠંડીમાં જરૂરતમંદોને ૧૦૦ ધાબળાનું વિતરણ, શહેરના પેલેસ રોડ પર આવેલ આશાપુરા માતાજીના દર્શનાર્થે આવતા ભકતજનોને ચક્ષુદાન જનજાગૃતિ અભિયાન અંતર્ગત ચક્ષુદાન પત્રિકા વિતરણ, સરકારી પ્રાથમિક શાળા નંબર ૧૯, ૨૮ અને ૫૭ ના તમામ છાત્રોને તલ મમરાના લાડવા તેમજ પતંગનું વિતરણ પાંજરાપોળમાં ગૌમાતાને લાડવાનું વિતરણ, સહિતના સેવાકાર્યોનું આયોજન કરવામાં આવેલ છે.

આયોજનની સફળતા માટે અનુપમ દોશી, પકંજ રૂપારેલિયા, સુનિલ વોરા, નલિન તન્ના, દિનેશભાઈ ગોવાની, હસુભાઈ શાહ, જનાર્દન આચાર્ય, જીતુભાઈ ગાંધી, વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# જુનાગઢનાં ગુજસીટોક ગુનામાં ફરાર લીસ્ટેડ બુટલેગર ધીરેન કારીયા પકડાયો

જુનાગઢ,જુનાગઢનો રહીશ નામચીન બુટલેગર અને ગુજસીટોકનો નાસતો ફરતો ફરાર આરોપી અંતે અજમેરથી બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચે પકડીને જુનાગઢ લાવી ભેંસાણના દારૂના જથ્થામાં ધરપકડ કરી છે. આગામી દિવસોમાં અન્ય ગુન્હાઓમાં તેની ધરપકડ કરવામાં આવશે આ લીસ્ટેડ માથાભારે ધીરેન અમૃતલાલ કારીયા સામે રાજયના વિવિધ પોલીસ સ્ટેશનના ૬૧ ગુન્હાઓ દાખલ થયેલા હોવાનું ક્રાઈમ બ્રાંચે જણાવ્યું છે.

આ અંગેની વિગત મુજબ જુનાગઢના લીસ્ટેડ બુટલેગર ધીરેન અમૃતલાલ કારીયા અને તેની ટોળકી સામે સાતેક માસ પહેલા ગુજસીટોકનો ગુન્હો દાખલ થયેલ હોય તે સમયે પોલીસે ઉદય નરોતમ દવે રે. જુનાગઢ, વિપુલ ઉર્ફે ભુપત ઉર્ફે કડી સુરા સુત્રેજા રે. ધંધુસર (વંથલી), અજય રૂડા મેરામણ કોડીયાતર રે. જુનાગઢ, સમીર ડોસા લખમણ કોડીયાતર, કીરીટ ઉર્ફે કીટો ભગા છેલાણા જુનાગઢ, ભુપત પુંજા કોડીયાતર રે.જુનાગઢ અને પરમ ધીરેન કારીયા (જે ધીરેન કારીયાનો પુત્ર) રે. રાયજી બાગ જુનાગઢ વાળાઓની ધરપકડ કરવામાં આવી હતી પરંતુ ધીરેન અમૃતલાલ કારીયા ફરાર હતો તેનો પત્તો કયાંય લાગ્યો ન હતો.

આ બુટલેગરની રાજસ્થાનના અજમેર હોવાની બાતમી મળતા ક્રાઈમ બ્રાંચે અજમેર જઈ ત્યાંના આદર્શનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પોલીસે પકડીને જુનાગઢ લાવી હતી.

જુનાગઢના ડીવાયએસપી રવીરાજસિંહ પરમારે જણાવ્યું હતું કે ધીરેન કારીયા સામે જુનાગઢ, રાજકોટ ગ્રામ્ય, મોરબી, પાટણવાવ, વટવા જામજોધપુર સહિતના રાજયના વિવિધ પોલીસ સ્ટેશનના ૬૧ ગુન્હાઓ નોંધાયેલ છે. મોટાભાગના ગુન્હાઓ દારૂ અને દારૂ વહન કરવાના વાહનોની બોગસ નંબર પ્લેટના ગુન્હા છે. જુનાગઢ-ભેંસાણના દારૂના ગુન્હામાં ફરાર હતો. ડીવાયએસપીએ જણાવ્યું હતું કે જાણે અજાણે પણ કોઈએ મદદ કરી હશે. તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે.

# સોમનાથ સ્વાભિમાન પર્વ માટે એસ.ટી.ની ૧૮૦૦ બસો ફાળવાઈ

## રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરના એસટી ડીવીઝનોમાંથી બસો લેવાશે



રાજકોટ, સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી શરૂ થઈ છે ત્યારે તા.૧૧ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ સોમનાથ ખાતે કાર્યક્રમમાં હાજરી આપનાર છે. તા.૧૧ના વડાપ્રધાનની ઉપસ્થિતિમાં અનેકવિધ કાર્યક્રમનું આયોજન કરાયું છે.આ પર્વ અંતર્ગત ગુજરાત સહિત સમગ્ર દેશભરમાંથી ઠેર ઠેરથી હજારો શ્રધ્ધાળુઓ ઉમટી પડનાર છે. ત્યારે શ્રધ્ધાળુઓ સોમનાથ સરળતાથી પહોંચી શકે તે માટે ખાસ ટ્રેન અને એસટી બસોની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

આ અંગેની એસટી વિભાગના સુત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ સોમનાથ પર્વ અંતર્ગત તા.૧૧ના રોજ રાજકોટ, જુનાગઢ, સોમનાથ (વેરાવળ), અમરેલી અને જામનગર ખાતેથી મોટી સંખ્યામાં એસટી બસો દોડાવવામાં આવનાર છે. શ્રધ્ધાળુઓ સોમનાથ સુધી સરળતાથી જઈ શકે તે માટે ઉપરોકત તમામ ડીવીઝનોમાંથી ૧૮૦૦ જેટલી એસટી બસો દોડાવવાનું આયોજન કરવામાં આવેલ છે.વધુમાં એસટી તંત્રના સુત્રોમાંથી મળતી વિગતો મુજબ હાલમાં જ એસટી વિભાગ પાસે ૧૮૦૦ જેટલી એસટી બસો માંગવામાં આવેલ છે. ત્યારે રાજકોટ વિભાગમાંથી ૨૦૦ અને જુનાગઢ, વેરાવળ, અમરેલી અને જામનગર ડીવીઝનમાંથી અનુક્રમે ૨૦૦થી વધુ એસટી બસોની ફાળવણી કરવામાં આવનાર છે.

ઉલ્લેખનીય છે કે સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત રવિવારે સૌરાષ્ટ્રભરમાંથી ૧૮૦૦ જેટલી બસો રોકાઈ જશે આથી ખાસ કરીને ગ્રામ્ય રૂટો ઉપર અસર પડશે તેવી સંભાવના છે.

# વિદેશમાંવસતાભારતીયોસાથેલગ્નઅંગે જાગૃતિ પરિસંવાદ રાજકોટમાં યોજાયો



રાજકોટ, રાજકોટની બી.કે.મોદી ગવર્મેન્ટ ફાર્મસી કોલેજ ખાતે આજે "વિદેશમાં વસતા ભારતીઓ સાથે લગ્ન અંગે જાગૃતિ પરિસંવાદ સફળતાપૂર્વક યોજાયો. આ પરિસંવાદનું આયોજન ગુજરાત રાજય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન, ગાંધીનગર તથા પ્રોજેકટ 'લાઈફ', રાજકોટ સંચાલિત એન.આર.જી. સેન્ટર દ્વારા કરવામાં આવ્યું હતું.

પરિસંવાદમાં વિદેશમાં સ્થાયી થયેલા ભારતીય યુવકો સાથે લગ્ન કરતા પહેલા રાખવાની જરૂરી કાયદાકીય સાવધાનીઓ, પરિવાર અને પાત્રની સંપૂર્ણ તપાસ તથા યોગ્ય નિર્ણય પ્રક્રિયા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું.

# શનિવારથી રાજકોટમાં એક માસ સુધી નિઃશુલ્ક યોગ ટ્રેનર તાલીમ શિબિર



રાજકોટ, ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા નિઃશુલ્ક યોગ ટ્રેનર તાલીમ શિબિર ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ- મવડી ખાતે તા.૧૦ થી સવારે ૬ થી ૭:૩૦ શરૂ કરવામાં આવશે. ૧ મહિનાની ઓફલાઈન અને ઓનલાઈન ટ્રેનિંગ આપવામાં આવશે. યોગ બોર્ડ દ્વારા યોગ વર્ગ શરૂ કરનાર ટ્રેનરને માનદ વેતન આપવામાં આવશે. વધુ માહિતી માટે યોગ કોચ ડો.કલ્પેશ પાડલીયા (મો.નં.૮૩૨૦૬૧૮૧૭૧) નો સંપર્ક કરવાનો રહેશે.

# રાજકોટના અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા સ્વેટર અને ધાબળા વિતરણ



રાજકોટ, રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી અર્હમ યુવા સેવા ગ્રુપ રાજકોટ દ્વારા વિદ્યાર્થીઓને ૧૮૦૦ થી વધુ સ્વેટર અને સ્લબ એરીયા તથા હાઈ-વે ઉપર રહેતા નિરાધાર લોકોને ૧૬૦ વધારે ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જેમાં રાજકોટની આજુબાજુના ગામડામાં જેવા કે શ્રી પડધરી કુમાર શાળાના ૨૦૦ વિદ્યાર્થીઓ, શ્રી પડધરી કન્યા૧ શાળાના ૧૨૨ વિદ્યાર્થીઓ, શ્રી ઉકરડા પ્રાથમિક શાળા (તા.પડધરી)ના ૨૦૦ વિદ્યાર્થીઓ, શ્રી દહીસરા પ્રાથમિક શાળાના ૧૫૦ વિદ્યાર્થીઓ, શ્રી પીપળીયા પ્રાથમિક શાળાના ૩૪૫ વિદ્યાર્થીઓ, શ્રી ગુંદાસરા પ્રાથમિક શાળાના ૪૯૬ વિદ્યાર્થીઓ, શ્રી પડધરી પ્લોટ્ટ શાળાના ૪૩ વિદ્યાર્થીઓ, શ્રી તરકિયા પ્રાથમિક શાળા (તા.વાંકાનેર)ના ૨૦૦ વિદ્યાર્થીઓ, શ્રી સરપદડ કન્યા તાલુકા શાળાના ૧૦૦ વિદ્યાર્થીઓ અને હાઈ-વે ઉપર સ્લરમ એરીયા તથા ઝુપડાવાળા ૧૬૦ બાળકો મળીને કુલ ૧૮૦૦ સ્વેટર તથા સ્લમ એરીયા તથા હાઈ-વે ઉપર રહેતા નિરાધાર લોકોને ૧૦૦ જેટલા અને હોસ્ટેલમાં રહેતી દીકરીઓને ૬૦ જેટલા ધાબળાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# રવિવારે રાજકોટમાં વિરાણી સ્કૂલના પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા ગુરૂ-શિષ્ય સ્નેહ મીલન



રાજકોટ, રાજકોટ એસ.વી. વિરાણી સ્કૂલ એલ્યુમની એસોસીએશનના નેજા હેઠળ વિરાણી સ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા ગુરૂ-શિષ્ય સ્નેહ મીલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ વર્ષે ભોજન સમારંભ સાથે સંગીત સંધ્યા તેમજ મહા રક્તદાન શિબિર (કેમ્પ ), અંગદાન/દેહદાન, સાઈબર ક્રાઈમ વિશે માહિતીને લગતા પ્રોબ્લેધમને અવેરનેશ કાર્યક્રમનું આયોજન થયું છે.

સ્થાળ : શ્રી એસ.વી.વિરાણી સ્કૂલ, મધ્યસ્થ ખંડ/કેમ્પસ, ટાગોર માર્ગ, રાજકોટ. તા.૧૧ રવિવાર સમય : સાંજે ૪ કલાકે બ્લડ ડોનેશનના કાર્યક્રમથી શરૂઆત થશે.ઉપરોક્ત કાર્યક્રમમાં વિરાણી સ્કૂલમાથી છેલ્લા, અંદાજીત ૫૦ વર્ષ દરમિયાન અભ્યાસ કરી ચુકેલા ૪૫૦થી વધુ વિદ્યાર્થીઓ ગુરૂજનો પ્રત્યેનો પોતાનો ઋણ - આદરભાવ વ્યક્ત કરશે. કાર્યક્રમમાં હાજરી આપવા ઈચ્છતા તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ એન્ટ્રી પાસ તા. ૦૯, શુક્રવાર સુધીમાં મેળવી લેવા.

આયોજનમાં અનિલ ટાંક - ૯૪૨૬૭ ૮૫૩૩૯, સંજય તંતી, દિપક લાઠીયા, ધર્મેશ પરસાણા, દિપક મોદી, હાર્દિક સિયાણી, સોલહીલ લીંબાસીયા, રાહુલ જાદવ, ભાવિન દેસાઈ સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાજકોટમાં સિલ્વર યુવા ગૃપ દ્વારા મા-બાપ વિહોણી દિકરીઓના સર્વજ્ઞાતિય સમુહ લગ્નોત્સવ યોજાશે

રાજકોટ, આગામી તા.૨૨/૨/૨૦૨૬ ને રવિવારના રોજ સેવાકીય પ્રવૃતિના ઘેઘુર વડલા સમાન સંસ્થા સિલ્વર યુવા ગૃપ દ્વારા મા-બાપ વિહોણી દિકરીઓના સર્વ જ્ઞાતિય સમુહ લગ્નનું આયોજન કરવામાં આવેલ છે. આ સમુહ લગ્નમાં જોડાવા માટે તા.૩૧/૧/૨૦૨૬ સુધીમાં ફોર્મ ભરવું જરૂરી છે.

તેમજ ૧૧ લગ્નની મર્યાદા હોય જેથી વહેલા તે પહેલાનાં ધોરણે ફોર્મ સ્વીકારવામાં આવશે સમુહ લગ્નમાં જોડાવા માટે યુવકની ઉમર ૨૧ વર્ષ અને યુવતીની ઉમર ૧૮ વર્ષ પૂર્ણ હોવી જરૂરી છે. ફોર્મ ભરવા માટે મો. ૯૫૧૦૭ ૭૭૦૦૭ નો સંપર્ક કરવા જણાવાયું છે. સમુહલગ્નમાં જોડાવા માટે જરૂરી આધાર જેવા કે જન્મ તારીખનો દાખલો અને આધાર કાર્ડ, ફોટા સાથે રૂબરૂ સંપર્ક કરવો.

# રાજકોટમાં 'જનસેવાનું સરવૈયું' પુસ્તંકનું સાંસદ પરસાત્તમભાઈ રૂપાલાની હાજરીમાં વિમોચન

## જનસંઘ - ભાજપની રાષ્ટ્રવાદી પરંપરાને ગૌરવ મળ્યું : વડીલોનું સન્માન



રાજકોટ, ધારાસભ્ય, ઉદય કાનગડ, શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા તથા વડીલ વંદના સમિતિ દ્વારા 'વંદના' કાર્યક્રમ યોજાયો. વરીષ્ઠ આગેવાનોએ સમય, શકિત અને જીવનનો શ્રેષ્ઠ અંશ રાષ્ટ્ર સેવામાં અર્પણ કરીને સંગઠનને મજબૂત બનાવી 'રાષ્ટ્ર પ્રથમ' નો મંત્રને ચરિતાર્થ કર્યો છે. તેમ સાંસદ પરસોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું.

જયારે 'વડલ વંદના' સમારોહ માત્ર કોઈ એક વ્યકિતને માન આપવા પૂરતો નહીં, એક યુગને, એક વિચારધારાને અને એક સંઘર્ષમય યાત્રાને વંદન કરવાનો અવસર છે. આજની પેઢી જ સંગઠન, મજબૂત વિચારધારા અને રાષ્ટ્રીય ગૌરવનો અનુભવ કરે છે, તેના પાયામાં આ વડીલોના અવિરત પરિશ્રમની ઈંટો જોડાયેલી છે. તેમ ધારાસભ્ય ઉદય કાનગડે જણાવ્યું હતું. વડીલો પાસે અનુભવનું અમૂલ્ય ભાથું છે. વડીલોની નિષ્ઠા, સંઘર્ષ અને સમર્પણ જ પાર્ટીની શકિત બની છે. ભારતીય જનતા પાર્ટી આજે વિશ્વની સૌથી મોટી પાર્ટી બની છે. તેનું ગર્વ છે તેમ ટપુભાઈ લીંબાશીયાએ જણાવ્યું હતું. રાજકોટની ધરતી પર જનસંઘનો પાયો નંખાયો હતો એ આપણાં સૌ માટે ગૌરવની વાત તેમ જયોતીન્દ્રભાઈ મહેતાએ પોતાના સંબોધનમાં જણાવેલ.

આ પ્રસંગે ધારાસભ્ય ઉદય કાનગડ ધ્વારા વિધાનસભા-૬૮માં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન કરવામાં આવેલ વિવિધ વિકાસ કાર્યો, સેવાકાર્યો તથા સંગઠનાત્મક પ્રવળતિઓની વિગતો રજુ કરતું 'જનસેવાનું સરવૈયું' પુસ્તાકનું વિમોચન સાંસદ પરસાત્તમભાઈ રૂપાલા અને મંચસ્થા વડીલોના હસ્તે કરવામાં આવ્યું હતુ.

# રાજકોટના વોર્ડ નં.૨માં ડામર રી-કાર્પેટ કામનું ખાતમુહુર્ત

રાજકોટ, રાજકોટના વોર્ડ નં.૨માં આવેલ નરસિંહ મહેતા ગાર્ડન મેઈન રોડ અને પેટ્રીયા હોટલથી નિરંજન સોસાયટી રોડના ખુણા સુધી ડામર રી-કાર્પેટ કામનું ખાતમુહુર્ત ૬૯-વિધાનસભા ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા તેમજ કોર્પોરેટર મીનાબા જાડેજાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કુલદીપસિંહ જાડેજા, ભાવેશભાઈ ટોયટા, ધૈર્યભાઈ પારેખ, હર્ષવર્ધનભાઈ કહોર, દિપાબેન કાચા, પલ્લવીબેન ચૌહાણ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# સ્વાભિમાન પર્વ એ એવા લોકોની યાદમાં આત્મસન્માનનો ઉત્સવ છે જેમણે સિદ્ધાંતો સાથે સમાધાન કર્યું નથી : પીએમ મોદી

## વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમનાથ મંદિર સાથે સંકળાયેલી ઐતિહાસિક ક્ષણોને યાદ કરી



નવીદિલ્હી,
વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમનાથ મંદિર સાથે સંકળાયેલી ઐતિહાસિક ક્ષણોને યાદ કર્યા. તેમણે કહ્યું કે ૧૯૫૧માં જીર્ણોદ્ધાર પામેલા મંદિરના ઉદ્ઘાટનની ૫૦મી વર્ષગાંઠની ઉજવણી માટે ૩૧ ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ સોમનાથમાં આયોજિત કાર્યક્રમમાં તેમણે ભાગ લીધો હતો. પ્રધાનમંત્રીએ યાદ કર્યું કે ૧૯૫૧માં ઐતિહાસિક સમારોહ તત્કાલીન રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદની હાજરીમાં યોજાયો હતો.

પ્રધાનમંત્રીએ કહ્યું કે સોમનાથ મંદિરના પુનર્નિર્માણમાં સરદાર પટેલ અને કે.એમ. મુનશી સહિત અનેક મહાનુભાવોનું યોગદાન નોંધપાત્ર હતું. તેમણે એ પણ યાદ કર્યું કે ૨૦૦૧ના કાર્યક્રમમાં તત્કાલીન પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયી, ગૃહમંત્રી અડવાણી અને અન્ય ઘણા મહાનુભાવોએ હાજરી આપી હતી.

પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું, "જય સોમનાથ! સોમનાથ સ્વાભિમાન પર્વ આજથી શરૂ થાય છે." સોમનાથ પર પહેલો હુમલો જાન્યુઆરી ૧૦૨૬માં થયો હતો, પરંતુ ૧૦૨૬નો હુમલો અને ત્યારબાદના હુમલાઓ પણ લાખો લોકોની શ્રદ્ધા અને સોમનાથને વારંવાર ઉજાગર કરતી સભ્યતાની ચેતનાને તોડી શક્યા નહીં.

મોદીએ કહ્યું કે ૨૦૨૬નું વર્ષ ૧૯૫૧ના ભવ્ય ઉજવણીની ૭૫મી વર્ષગાંઠની ઉજવણી પણ કરશે. "જય સોમનાથ" ના નારા સાથે તેમણે જાહેરાત કરી કે સોમનાથ સ્વાભિમાન પર્વ આજથી શરૂ થઈ રહ્યું છે. આ પ્રસંગે, તેમણે સોમનાથની તેમની અગાઉની મુલાકાતોના ફોટા શેર કર્યા અને લોકોને વિનંતી કરી કે જો તેઓ સોમનાથની મુલાકાત લીધી હોય તો તેમના ફોટા સાથે શેર કરે.

સોમનાથ મંદિરને પહેલા કરતાં વધુ ભવ્ય દેખાવ આપવામાં આવ્યો હતો. વિનાશથી પુનરુત્થાન સુધીની ૧૦૦૦ વર્ષની આ યાત્રાને યાદ કરવા માટે ૮ થી ૧૧ જાન્યુઆરી દરમિયાન સોમનાથ સ્વાભિમાન પર્વનું આયોજન કરવામાં આવી રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ ૧૧ જાન્યુઆરીના રોજ યોજાનાર સમારોહમાં હાજરી આપશે.

# અજિત પવારે એક ઘાયલ વ્યક્તિને મદદ કરવા માટે પ્રોટોકોલ તોડ્યો, તેને પોતાની એમ્બ્યુલન્સમાં હોસ્પિટલ મોકલ્યો

**અજિત પવાર ઘાયલ વ્યક્તિ પાસે દોડી ગયા અને મદદ કરી**



પુણે,
મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવાર આજે (ગુરુવારે) સવારે તેમના માનવતાવાદી અભિગમ માટે ફરી એકવાર સમાચારમાં છે. પુણેના રેન્જ હિલ વિસ્તારમાં માર્ગ અકસ્માત જોનારા અજિત પવારે માત્ર પોતાનો કાફલો જ નહીં પરંતુ ઘાયલ યુવકને તાત્કાલિક તબીબી સહાય મેળવવામાં પણ મદદ કરી. વીડિયોમાં બતાવવામાં આવ્યું છે કે અજિત પવાર ઘાયલ વ્યક્તિ પાસે કેવી રીતે દોડી ગયા અને તેમને મદદ કરી. તેમના પૂર્વનિર્ધારિત કામકાજ છતાં, અજિત પવાર ઘટનાસ્થળે જ રહ્યા. અહેવાલો અનુસાર, નાયબ મુખ્યમંત્રી અજિત પવાર આજે સવારે તેમના પુણે નિવાસસ્થાન, જીજાઈથી પિંપરી-ચિંચવાડ તરફ પ્રચાર રેલી માટે જઈ રહ્યા હતા. જ્યારે તેમનો કાફલો રેન્જ હિલ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે તેમણે રસ્તા પર એક મોટરસાઈકલ સવારને ઘાયલ જોયો.

ઘાયલ વ્યક્તિને જોઈને, અજિત પવારે પ્રોટોકોલની અવગણના કરીને, તેમના કાફલાને રોકવાનો આદેશ આપ્યો અને પોતે વાહનમાંથી બહાર નીકળી ગયા. ત્યારબાદ તેઓ ઘાયલ વ્યક્તિ પાસે ગયા અને તેમની તબિયત પૂછી.

# અભિમન્યુ સિંહના મુંબઈ સ્થિત ઘરેથી કરોડો રૂપિયાના દાગીના અને રોકડ ચોરીનો મામલો સામે આવ્યો

મુંબઈ,
મહારાષ્ટ્રની રાજધાની મુંબઈથી મોટા સમાચાર આવી રહ્યા છે. પ્રખ્યાત બોલીવુડ અભિનેતા અભિમન્યુ સિંહના ઘરે એક મોટી ચોરી થઈ છે. અહેવાલો અનુસાર, અભિમન્યુ સિંહના ઘરની તિજોરીમાંથી સોનું, ચાંદી, હીરાના દાગીના અને કરોડો રૂપિયાની રોકડ ગાયબ થઈ ગઈ છે. સમાચાર મળતાં જ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી અને આ કેસના સંદર્ભમાં એક સીરીયલ ચોરની ધરપકડ કરી. ચાલો સમગ્ર કેસ વિશે વધુ જાણીએ.

અહેવાલો અનુસાર, ૨૯ અને ૩૦ ડિસેમ્બર, ૨૦૨૫ ની રાત્રે લોખંડવાલા વિસ્તારમાં અભિનેતા અભિમન્યુ સિંહના ઘરે ચોરી થઈ હતી. મુંબઈ પોલીસે અભિનેતાના ઘરમાંથી કરોડો રૂપિયાની ચોરીનો કેસ ઉકેલી લીધો છે. પોલીસે આ કેસમાં એક સીરીયલ ચોરની ધરપકડ કરી છે અને ચોરાયેલી મોટાભાગની કિંમતી વસ્તુઓ જપ્ત કરી છે.

અહેવાલો અનુસાર, આરોપી ચોર બાથરૂમની બારીમાંથી અભિનેતા અભિમન્યુ સિંહના ઘરમાં પ્રવેશ્યો. ઘરમાં ઘુસ્યા બાદ, ચોરે તિજોરીને નિશાન બનાવી અને સોના-ચાંદીના દાગીના, હીરાના દાગીના અને રોકડ રકમની ચોરી કરી. પોલીસના જણાવ્યા મુજબ, ચોરાયેલી મિલકતની કુલ કિંમત આશરે ૧.૩૭ કરોડ આંકવામાં આવી છે.

ઓશિવારા પોલીસે ફરિયાદ મળ્યા બાદ તરત જ તપાસ શરૂ કરી હતી. ટેકનિકલ પુરાવા, સીસીટીવી ફૂટેજ અને માહિતીના આધારે, પોલીસે ૩ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ આરોપીની ધરપકડ કરી હતી. પૂછપરછ દરમિયાન, આરોપીએ ગુનો કબૂલ્યો હતો, અને તેના સ્થાન પરથી આશરે ?૧.૨૬ કરોડનો માલ મળી આવ્યો હતો. ધરપકડ કરાયેલ આરોપીની ઓળખ મનોજ મોહન રાઠોડ તરીકે થઈ છે.

# વસ્તી ગણતરી ૨૦૨૭નો પહેલો તબક્કો ૧ એપ્રિલથી શરૂ થશે

## પહેલી વાર બધી માહિતી ડિજિટલી રેકોર્ડ કરવામાં આવશે : કેન્દ્ર સરકારે ભારતની આગામી વસ્તી ગણતરી માટે ઔપચારિક સમયપત્રકની જાહેરાત કરી

નવીદિલ્હી,
કેન્દ્ર સરકારે ભારતની આગામી વસ્તી ગણતરી (જનગણના ૨૦૨૭) માટે ઔપચારિક સમયપત્રકની જાહેરાત કરી છે. ગૃહ મંત્રાલય દ્વારા જારી કરાયેલા નોટિફિકેશન મુજબ, આ ઝુંબેશનો પ્રથમ તબક્કો ૧ એપ્રિલ, ૨૦૨૬ થી શરૂ થશે અને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી ચાલુ રહેશે. આ કાર્ય ભારતના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ત્રીસ દિવસના સમયગાળામાં પૂર્ણ થશે. આ દેશની પહેલી વસ્તી ગણતરી હશે જ્યાં કાગળને બદલે ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરવામાં આવશે. બીજો તબક્કો વસ્તી ગણતરી હશે, જેમાં વ્યક્તિઓની ગણતરી કરવામાં આવશે. બીજો તબક્કો ફેબ્રુઆરી ૨૦૨૭ માં હાથ ધરવામાં આવશે. જો કે, દૂરના અને બરફથી ઢંકાયેલા વિસ્તારો (લદાખ, જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ) માં, આ પ્રક્રિયા સપ્ટેમ્બર ૨૦૨૬ માં પૂર્ણ થશે. ગૃહ મંત્રાલય દ્વારા જારી કરાયેલ નોટિસમાં આગળ જણાવાયું છે કે, "સ્વ-ગણતરી માટે એક વિકલ્પ પણ હશે, જે ત્રીસ દિવસના ઘરે-ઘરે ઘરયાદીની કામગીરી શરૂ થાય તે પહેલાં પંદર દિવસના સમયગાળા દરમિયાન કરવામાં આવશે."

ઘરયાદીકરણ એ વસ્તી ગણતરીમાં એક મહત્વપૂર્ણ પ્રારંભિક પગલું છે, જેમાં દરેક મકાન અને ઘરની ઓળખ અને ગણતરી કરવામાં આવે છે. તે રહેવાની જગ્યાના પ્રકાર, વપરાયેલી સામગ્રી, રસોડા જેવી સુવિધાઓ, સંદેશાવ્યવહાર પદ્ધતિઓ, પરિવહન અને સંપત્તિ (ટીવી, ઈન્ટરનેટ) પર મૂળભૂત ડેટા એકત્રિત કરે છે.

૨૦૧૧ માં અગાઉની વસ્તી ગણતરીમાં, ૫૮% ઘરોમાં તેમના પરિસરમાં બાથરૂમ હોવાની જાણ કરવામાં આવી હતી, જ્યારે લગભગ અડધા ઘરોમાં ડ્રેનેજ કનેક્ટિવિટી હતી, જેમાં બે તૃતીયાંશ ખુલ્લા ડ્રેનેજ હતા અને એક તૃતીયાંશ બંધ ડ્રેનેજ હતા. ૬૧% ઘરોમાં રસોડાની સુવિધાઓ હતી, જેમાં ૫૫% ઘરોમાં ઘરની અંદર રસોડું હતું અને ૬% બહાર હતા. બે તૃતીયાંશ લોકો લાકડા/પાકના અવશેષો, ગાયના છાણના કેક અથવા કોલસાનો ઉપયોગ કરતા હતા, જ્યારે ૩% કેરોસીનનો ઉપયોગ કરતા હતા.

સંદેશાવ્યવહાર પદ્ધતિઓની દ્રષ્ટિએ, ટેલિવિઝનનો ઉપયોગ ૧૬% વધ્યો, જ્યારે રેડિયોનો ઉપયોગ અનુરૂપ રીતે ઘટ્યો. ૧૦ માંથી ૧ થી ઓછા ઘરોમાં કમ્પ્યુટર અથવા લેપટોપ હતું, અને ફક્ત ૩% ઘરોમાં ઈન્ટરનેટનો ઉપયોગ હતો. શહેરી વિસ્તારોમાં ઈન્ટરનેટનો પ્રવેશ ૮% હતો, જે ગ્રામીણ વિસ્તારોમાં ૧% કરતા ઓછો હતો.

# તેલંગાણામાં એસયુવી ઝાડ સાથે અથડાતા ચાર વિદ્યાર્થીઓના મોત થયા

રંગારેડ્ડી,
તેલંગાણાના રંગારેડ્ડી જિલ્લામાં એક મોટો માર્ગ અકસ્માત થયો છે. મિર્ઝાગુડામાં એક જેંફ ઝાડ સાથે અથડાઈ. આ અકસ્માતમાં ચાર વિદ્યાર્થીઓના મોત થયા છે. મૃતકોમાં સૂર્યતેજા, સુમિત, નિખિલ અને રોહિતનો સમાવેશ થાય છે. આ ઘટના રંગારેડ્ડી જિલ્લાના મોકિલા પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્રમાં બની હતી.

અકસ્માતનો વીડિયો બતાવે છે કે અકસ્માત કેટલો ભયાનક હતો. અકસ્માત પછી કારનો આગળનો ભાગ સંપૂર્ણપણે કચડી ગયો હતો. તેના માળખાને ભારે નુકસાન થયું હતું. આ જ કારણ છે કે કારમાં સવાર ચાર વિદ્યાર્થીઓ બચી શક્યા ન હતા.

માર્ગ અકસ્માતનો ભોગ બનેલો સુમિત આઈબીએસ કોલેજમાં ૨૦ વર્ષનો મ્મ્છ વિદ્યાર્થી હતો. તે ૨૦ વર્ષનો હતો. બીજો મૃતક નિખિલ પણ ૨૦ વર્ષનો હતો. ૧૮ વર્ષનો એન્જિનિયરિંગ વિદ્યાર્થી રોહિત પણ અકસ્માતમાં જીવ ગુમાવ્યો.

આઈબીએસ કોલેજમાં બીજા વર્ષના વિદ્યાર્થી સૂર્યતેજાનું પણ અકસ્માતમાં મૃત્યુ થયું. તે મંચેરિયાલનો રહેવાસી હતો. આ અકસ્માતમાં આઈબીએસ કોલેજમાં બીજા વર્ષની વિદ્યાર્થીની શંકરી નક્ષત્ર પણ ઘાયલ થઈ હતી. તેને સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી અને ત્યાં તેની યોગ્ય સારવાર ચાલી રહી છે. મૃતકોના પરિવારોને અકસ્માતની જાણ કરવામાં આવી છે. પરિવારો તેમના બાળકોના મૃત્યુથી શોકમાં ડૂબી ગયા છે અને તેઓ દુઃખી છે. પોલીસનું કહેવું છે કે ચારેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. ત્યારબાદ મૃતદેહો પરિવારોને સોંપવામાં આવશે.

# ભાજપમાં જાન્યુઆરીમાં મોટા ફેરફાર થશે સરકાર અને સંગઠનમાં બદલાશે ચહેરા

## ભાજપનું પ્રમુખ પદ સંભાળ્યા બાદ નબીન પોતાની ટીમ બનાવવા માટે સંગઠનમાં મોટા ફેરફાર કરશે

નવીદિલ્હી,
ભાજપમાં 'નબીન પ્રયોગ' બાદ નવા વર્ષના પ્રથમ મહિનામાં મોટા પરિવર્તનની તૈયારી ચાલી રહી છે. હાં, આવનારા કેટલાક દિવસોમાં ભાજપ રાષ્ટ્રીય સ્તર પર પોતાના સંગઠમાં ધરમૂળથી ફેરફારની તૈયારીમાં છે. તેની શરૂઆત નવનિર્વાચિત ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ નીતિન નબીન (૪૫) ને ઔપચારિક રૂપથી પાર્ટી પ્રમુખ ચૂંટવાથી થઈ શકે છે અને આ બધુ જાન્યુઆરીના મધ્યમાં થવાની સંભાવના છે.

રિપોર્ટ પ્રમાણે ભાજપના સૌથી મોટા સંગઠનાત્મક પદ પર બિરાજમાન થનાર સૌથી યુવા નેતા નબીન હવે ઔપચારિક રૂપથી જેપી નડ્ડાની જગ્યા લઈ શકે છે. નડ્ડા જાન્યુઆરી ૨૦૨૦થી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની જવાબદારી સંભાળી રહ્યાં છે. નબીન પાંચ વખત બિહારના ધારાસભ્ય અને મંત્રી રહી ચૂક્યા છે. પાર્ટી સૂત્રોએ જણાવ્યું કે નબીનની પસંદગીને ભાજપની રાષ્ટ્રીય પરિષદ પોતાની બેઠકમાં મંજૂરી આપશે. તે આ મહિનાના અંત સુધી યોજાવાની આશા છે. પાર્ટી સૂત્રો પ્રમાણે ભાજપનું પ્રમુખ પદ સંભાળ્યા બાદ નબીન પોતાની ટીમ બનાવવા માટે સંગઠનમાં મોટા ફેરફાર કરશે. આ એક સમાવિષ્ટ પ્રક્રિયા હોઈ શકે છે. ભાજપના એક આંતરિક સૂત્રએ કહ્યું- નવા રાષ્ટ્રીય અધ્યક્ષની ટીમમાં ભાજપ અને સંઘ પરિવાર વચ્ચે તાલમેલ અને સમન્વય જોવા મળવાની આશા છે. પાર્ટીના સૂત્રએ એક્સપ્રેસને તે પણ જણાવ્યું કે ભાજપના સંગઠનમાં થનારા ફેરફારની અસર કેન્દ્રીય કેબિનેટ પર પણ થઈ શકે છે. જૂન ૨૦૨૪ બાદ કેબિનેટમાં કોઈ ફેરફાર થયો નથી.

# સીએમ ભજનલાલ શર્મા દ્વારા ઈ-ઝીરો એફઆઈઆરનું ઔપચારિક લોન્ચિંગ

જયપુર,
મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ ગુરુવારે રાજસ્થાન પોલીસ એકેડેમી ખાતે આયોજિત રાજ્ય સ્તરીય પોલીસ કોન્ફરન્સને સંબોધિત કરી. આ પ્રસંગે, તેમણે ટેકનોલોજી આધારિત પોલીસિંગને મજબૂત અને વધારવા માટે મહત્વપૂર્ણ પહેલ, ઈ-વિઝિટર પોર્ટલ અને ઈ-ઝીરો એફઆઈઆરનું ઔપચારિક લોન્ચિંગ કર્યું. મુખ્યમંત્રીએ "રાજસ્થાન પોલીસ પ્રાથમિકતાઓ ૨૦૨૬" પુસ્તકનું પણ વિમોચન કર્યું.

"વિકસિત ભારતમાં પોલીસિંગ" શીર્ષક ધરાવતી આ રાજ્ય સ્તરીય પરિષદ ૮ અને ૯ જાન્યુઆરીના રોજ રાજસ્થાન પોલીસ એકેડેમી કેમ્પસમાં યોજાઈ રહી છે. એકેડેમીના ડિરેક્ટર અને અધિક મહાનિર્દેશક સંજીવ કુમાર નરજારીએ જણાવ્યું હતું કે આ પરિષદનો ઉદ્દેશ્ય ભવિષ્યના પડકારોને ધ્યાનમાં રાખીને રાજ્યની પોલીસ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાનો છે.

ગૃહ રાજ્યમંત્રી જવાહર સિંહ બેધમ, રાજસ્થાનના મુખ્ય સચિવ વી. શ્રીનિવાસ અને અધિક મુખ્ય સચિવ (ગૃહ) ભાસ્કર એ. સાવંત પણ પરિષદમાં હાજર રહ્યા હતા. રાજ્યભરના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ, જેમાં તમામ રેન્જના આઈજી જિલ્લા પોલીસ અધિક્ષકો અને અન્ય પોલીસ અધિકારીઓ ભાગ લઈ રહ્યા છે.

# દિલ્હીમાં ગેરકાયદેસર રીતે રહેતા ૨૦ બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ

નવી દિલ્હી,
દિલ્હી પોલીસે ગુરુવારે રાજધાની શહેરમાં જીંઇ (સ્પેશિયલ આઈડેન્ટિફિકેશન રજિસ્ટ્રેશન) પ્રક્રિયા પહેલા મોટી કાર્યવાહી કરી હતી. આ સંદર્ભમાં, દિલ્હી પોલીસે શહેરમાં ગેરકાયદેસર રીતે રહેતા ૨૦ બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે તેમની પાસેથી કેટલાક ભારતીય ઓળખ દસ્તાવેજો મળી આવ્યા હતા.

**દિલ્હીમાં પાંચ બાંગ્લાદેશીઓની ધરપકડ :** આ ઉપરાંત, ૨૦૨૬ ના પહેલા અઠવાડિયામાં દિલ્હીમાં પાંચ બાંગ્લાદેશી નાગરિકોની પણ ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે જિલ્લાના ફોરેનર સેલ દ્વારા અઠવાડિયા દરમિયાન લગભગ ૧૦૦ લોકોની તપાસ કરવામાં આવી હતી અને તેમને આ વિસ્તારમાં વિદેશી નાગરિકોના વિઝાની મુદત પૂરી થયા પછી પણ રોકાણ અંગે માહિતી મળી હતી. આ લોકો માન્ય ભારતીય મુસાફરી દસ્તાવેજો ન હોવા છતાં અન્ય દેશોના વિઝા મેળવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. દિલ્હીમાં ગેરકાયદેસર રીતે રહેતા ૧૮ બાંગ્લાદેશી મળી આવ્યા, ગયા વર્ષે જૂનમાં, દિલ્હીના ઉત્તર-પશ્ચિમ જિલ્લા પોલીસે શહેરમાં ગેરકાયદેસર રીતે રહેતા ૧૮ બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરી હતી. ફોરેનર સેલ યુનિટ દ્વારા ભારત નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાથ ધરવામાં આવેલા એક ખાસ ઓપરેશન દરમિયાન આ ધરપકડ કરવામાં આવી હતી. હરિયાણાથી સ્થળાંતર કરીને આવેલા ત્રણ પરિવારો હવે વઝીરપુર જેજે કોલોનીમાં છુપાયેલા છે અને શોધખોળ ટાળવા માટે વારંવાર સ્થાન બદલતા હતા, તેના આધારે આ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. ગેરકાયદેસર બાંગ્લાદેશીઓને શોધવા માટે ૩૬ ફૂટપાથ પર શોધખોળ કરવામાં આવી હતી. નાયબ પોલીસ કમિશનર (ડીસીપી) ઉત્તર-પશ્ચિમ દિલ્હી ભીષ્મ સિંહે જણાવ્યું હતું કે કામગીરી દરમિયાન ૩૬ થી વધુ ફૂટપાથ અને ૪૫ ગલીઓની તપાસ કરવામાં આવી હતી.

# દિલ્હીની જામા મસ્જિદની બહાર બે મહિનાની અંદર સર્વેક્ષણ અને અતિક્રમણ દૂર કરવાનો આદેશ

## દિલ્હી હાઈકોર્ટે એમસીડીને બે મહિનાનો સમય આપ્યો

નવીદિલ્હી,
દિલ્હી હાઈકોર્ટે દિલ્હીની પ્રખ્યાત શાહી જામા મસ્જિદની બહાર અતિક્રમણની સમસ્યા પર કડક વલણ અપનાવ્યું છે. કોર્ટે દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનને બે મહિનાની અંદર સર્વેક્ષણ અને અતિક્રમણ દૂર કરવાનો આદેશ આપ્યો છે. એવું માનવામાં આવે છે કે તુર્કમાન ગેટ પછી, આગામી દિવસોમાં જામા મસ્જિદની બહાર પણ બુલડોઝર તૈનાત કરવામાં આવી શકે છે. જામા મસ્જિદ તરફ જતો રસ્તો દુકાનદારો દ્વારા કબજો કરવામાં આવ્યો છે, અને મસ્જિદની સીડીઓ પણ અતિક્રમિત છે.

મૌલાના આઝાદની કબર પાસે પણ અતિક્રમણ છે. જામા મસ્જિદ નજીક ગેરકાયદેસર અતિક્રમણનું પ્રમાણ એ હકીકત પરથી અંદાજી શકાય છે કે દેશના પ્રથમ શિક્ષણ પ્રધાન મૌલાના અબુલ કલામ આઝાદની કબર પાસેના વિસ્તારમાં અતિક્રમણકારોએ કબજો કર્યો છે. શેરી વિક્રેતાઓ જામા મસ્જિદ તરફ જતા રસ્તાની જમણી, ડાબી અને વચ્ચે કબજો કરતા જોઈ શકાય છે. આ દુકાનદારોએ રસ્તો એટલો સાંકડો કરી દીધો છે કે અવરજવર મુશ્કેલ છે. મસ્જિદની સીડીઓ પર પણ અતિક્રમણ કરવામાં આવ્યું છે, જેનાથી ઐતિહાસિક ઈમારતની સુંદરતા ખરાબ થઈ ગઈ છે. કોર્ટે સ્પષ્ટપણે સ્ઝ્રઙ્ઘ ને સર્વે કર્યા પછી શક્ય તેટલી વહેલી તકે અતિક્રમણ દૂર કરવાનો નિર્દેશ આપ્યો છે.

રામલીલા મેદાન વિસ્તારમાં તુર્કમાન ગેટ પાસે ફૈઝ-એ-ઈલાહીની મસ્જિદ અને કબ્રસ્તાન પાસે ગેરકાયદેસર અતિક્રમણ દૂર કરવા દરમિયાન બુધવારે વહેલી સવારે હિંસા ફાટી નીકળી હતી. આ કામગીરી દરમિયાન કેટલાક સ્થાનિક અને બહારના લોકોએ પોલીસ અને એમસીડી કર્મચારીઓ પર પથ્થરમારો કર્યો હોવાના આક્ષેપ કરવામાં આવ્યા હતા, જેના કારણે વિસ્તારમાં અરાજકતા ફેલાઈ ગઈ હતી. હિંસામાં પાંચ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા,

# પંજાબ: ફિરોઝપુરમાં એક જ પરિવારના ચાર સભ્યોની ગોળી મારીને હત્યા

## મૃતદેહોની નજીક એક પિસ્તોલ મળી આવી : સામૂહિક આત્મહત્યાનો મામલો છે કે કોઈએ આખા પરિવારની હત્યા કરી

ફિરોઝપુર,
પંજાબના ફિરોઝપુરથી એક હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી છે. એક જ પરિવારના ચાર સભ્યોની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. મૃતકોમાં પતિ, પત્ની અને તેમની બે સગીર પુત્રીઓનો સમાવેશ થાય છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકની લહેર ફેલાઈ ગઈ છે. પરિવારના સભ્યો દુઃખી છે. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે.

આ ઘટના ફિરોઝપુરના ડેરા બાબા રામ લાલ નજીક હરમન નગર કોલોનીમાં બની હતી. અમન સિંહ (કેટલાક પોલીસ રેકોર્ડમાં અમનદીપ તરીકે ઓળખાય છે) તેની પત્ની જસવીર કૌર અને બે પુત્રીઓ, ૧૦ વર્ષની મનવીર કૌર અને ૬ વર્ષની પ્રણીત કૌર સાથે ત્યાં રહેતા હતા. અમન સિંહ સલૂન અને ફાઈનાન્સ સાથે સંકળાયેલા હતા.

સવારે જ્યારે ઘરનો નોકરાણી રાબેતા મુજબ કામ પર પહોંચી ત્યારે ઘટના પ્રકાશમાં આવી. લાંબા સમય સુધી દરવાજો ખખડાવવા છતાં કોઈએ જવાબ ન આપ્યો, ત્યારે તેણીને શંકા ગઈ. ત્યારબાદ પડોશીઓને બોલાવવામાં આવ્યા, અને ઉપરના માળે રહેતા ભાડૂઆતોની મદદથી, પરિવારના સંબંધીઓને જાણ કરવામાં આવી. જ્યારે દરવાજો ખોલવામાં આવ્યો ત્યારે અંદરનું દ્રશ્ય ભયાનક હતું. પતિ, પત્ની અને તેમની બે પુત્રીઓના મૃતદેહ ઘરની અંદર પડેલા હતા, બધાને ગોળીના ઘા હતા.


# રાજકોટના ઉપલેટા-જેતપુર અને ધોરાજીમાં ધરા ધ્રુજી: ભૂકંપના આંચકાથી ફફડાટ

## ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૩ નોંધાઈ હતી. રાત્રે ૮:૪૫ વાગ્યે અનુભવાયેલા આ ભૂકંપનું કેન્દ્રબિંદુ ઉપલેટાથી આશરે ૩૦ કિમી દૂર

રાજકોટ,

રાજકોટ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં રાત્રિના સમયે ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં લોકો ધ્રુજારીના કારણે ઘરની બહાર દોડી આવ્યા હતા. આ કુદરતી ઘટનાએ ફરી એકવાર ભૂકંપ પ્રત્યેની સાવચેતી અને સજ્જતાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. સદનસીબે, આ આંચકાને કારણે કોઈ જાનમાલના નુકસાનના સમાચાર હજુ સુધી પ્રાપ્ત થયા નથી.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૩ નોંધાઈ હતી. રાત્રે ૮:૪૫ વાગ્યે અનુભવાયેલા આ ભૂકંપનું કેન્દ્રબિંદુ ઉપલેટાથી આશરે ૩૦ કિમી દૂર હતું. આ આંચકાની અસર જેતપુર, ધોરાજી અને તેની આસપાસના જેતલસર, પાંચ પીપળા તેમજ પેઢલા જેવા ગામોમાં વધુ જોવા મળી હતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ, થોડી સેકન્ડો માટે જમીન ધ્રુજતા વાસણો અને બારી-બારણાં ખખડ્યા હતા, જેના કારણે ઊંઘમાં રહેલા લોકો પણ જાગી ગયા હતા. ઉલ્લેખનીય છે કે, હજુ થોડા



દિવસો પહેલા જ ૨૬ ડિસેમ્બરે કચ્છના વાગડ વિસ્તારમાં ૪.૬ની તીવ્રતાનો મોટો આંચકો નોંધાયો હતો. આ આંચકો જમીનથી માત્ર ૫ કિલોમીટરની ઊંડાઈએથી ઉદભવ્યો હોવાથી તેની અસર ઘણી તીવ્ર હતી. કચ્છમાં તે દિવસે ૧૫થી વધુ નાના-મોટા આંચકા નોંધાતા તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું હતું. વાગડની નરમ માટી અને પોચા પથ્થરોના સ્તરને કારણે આ ધ્રુજારી વધુ અનુભવાઈ હતી, જેને 'શેલોઅર' (Shallow) કેટેગરીનો ભૂકંપ માનવામાં આવે છે.

ભૂકંપ એક એવી કુદરતી આપત્તિ છે જેને રોકી શકાતી નથી, પરંતુ યોગ્ય તાલીમ અને સજ્જતાથી નુકસાન ઘટાડી શકાય છે. નિષ્ણાતોના મતે શાળાઓ અને કોલેજોના અભ્યાસક્રમમાં ભૂકંપ સમયે બચાવ કામગીરીની તાલીમને અનિવાર્ય બનાવવામાં આવે. દરેક ગામે અને દરેક ઘરમાં ભૂકંપ વખતે કેવી રીતે સ્વ-બચાવ કરવો તેની સમજ આપવી જરૂરી છે. ઉપરાંત, નવા બાંધકામો થતી વખતે ઈમારતો ભૂકંપપ્રૂફ માપદંડો મુજબ જ બને તે જોવાની જવાબદારી તંત્ર અને નાગરિકો બંનેની છે.

# વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટનું ૧૧મીએ મોદી ઉદઘાટન કરશે

## ૫૫ એકરમાં ૬ એક્ઝિબિશન સહિત ૭ હોલ તૈયાર, ૩૫૦ વિદેશી ડેલિગેટ્સ સહિત ૫૦૦૦થી વધુ ઉદ્યોગપતિ હાજર રહેશે




રાજકોટ

વાઈબ્રન્ટ ગુજરાત સૌરાષ્ટ્ર રિજનલ સમિટનું ઉદ્ઘાટન આગામી તારીખ ૧૧ જાન્યુઆરીના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવનાર છે ત્યારે આ વાઈબ્રન્ટ સમિટને લઈ તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. રાજકોટ મોરબી હાઈવે પર આવેલ મારવાડી યુનિવર્સીટી ખાતે ૫૫ એકર જેટલી વિશાળ જગ્યામાં ૬ એક્ઝિબિશન ડોમ અને ૧ મુખ્ય ઈનોગ્રલ હોલ તૈયાર કરવામાં આવ્યો છે કે જ્યાંથી પ્રધાનમંત્રી સૌરાષ્ટ્ર કચ્છ રિજનલ વાઈબ્રન્ટ સમિટને ખુલ્લો મૂકી ઉદ્યોગકારોને સંબોધન કરશે. આ સમિટમાં ૩૫૦ જેટલા વિદેશી ડેલિગેટ સહિત કુલ ૫૦૦૦થી વધુ ઉદ્યોગકારો ભાગ લેવાના છે. આગામી તારીખ ૧૧ જાન્યુઆરીના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાજકોટની મુલાકાતે આવી રહ્યા છે.સોમનાથી પીએમ મોદી હેલિકોપ્ટર મારફત બેડી માર્કેટીંગ યાર્ડમાં બનાવાયેલા હેલીપેડ પર આવી પહોંચશે. ત્યાંથી સીધા મારવાડી યુનિવર્સિટી પહોંચશે. પીએમના હસ્તે રિજનલ સમિટનું ઉદઘાટન કરવામાં આવશે.

મારવાડી યુનિવર્સિટી ખાતે ૫૫ એકર વિશાળ જગ્યામાં ખાસ એક્ઝિબિશન માટે ૨૬,૪૦૦ સ્કવેર મીટરમાં ૬ ડોમ કે જેમાં સૌરાષ્ટ્ર કચ્છ ઉપરાંત દેશભરમાંથી ઉદ્યોગકારો ભાગ લઈ પોતાની પ્રોડક્ટ એક્ઝિબિશનમાં રાખશે અને તેની અંદર સ્પેશિયલ સ્જીસ્ઈ હેન્ડલુમ અને હેન્ડીક્રાફ્ટ માટે ખાસ ૪૪૦૦ સ્કેવર મીટર જગ્યા ફાળવવામાં આવી છે. આ ઉપરાંત એક કોન્ફોરન્સ હોલ પણ ખાસ તૈયાર કરવામાં આવ્યો છે જ્યાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિદેશી ડેલિગેટ્સ અને ગુજરાત તેમજ ભારતભરના ઉદ્યોગકારોને સંબોધન કરશે. અહિયાંથી લાખો કરોડોની કિંમતના ૅ થવાનો પણ અંદાજ છે અને આ જ હોલમાં બે દિવસ સુધી કોન્ફોરન્સ, સેમિનાર, કોન્કલેવ, અને વક્તાઓના પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું છે.આ સમિટમાં આવનારા મહેમાનો, ઉદ્યોગપતિઓ માટે આઈ કાર્ડ તૈયાર કરવાની જવાબદારી સીટી પ્રાંત-૧ અને પશ્ચિમ તાલુકા મામલતદાર કચેરીને સોંપવામાં આવેલ હોય આઈ કાર્ડની કામગીરી મહેસુલી અધિકારીઓ દ્વારા લીસ્ટ મુજબ આગળ ધપાવવામાં આવી રહી છે.

આ દરમ્યાન જીલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશે આજે મારવાડી યુનિ. ખાતે પહોંચી તૈયારીઓનું જરૂરી નિરીક્ષણ કરી અધિકારીઓને રાજય સરકારની ગાઈડ લાઈન મુજબ જરૂરી સુચના આપી હતી તેમજ વાઈબ્રન્ટ સમિટનું પ્રાથમીક રિહર્સલ પણ આજે કરવામાં આવેલ હતું.

# સોમનાથ સ્વાભિમાન પર્વ: નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને ભારતની સાંસ્કૃતિક ચેતના અને રાષ્ટ્રીય અસ્મિતાનો મંગલ ઉત્સવ

## મંદિરના પુનઃનિર્માણથી લઈને નરેન્દ્ર મોદીના દ્રઢ સંકલ્પ સુધીની આ યાત્રા ભારતની સાંસ્કૃતિક પુનઃસ્થાપનાની સાક્ષી પૂરે

સોમનાથઃ પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથના સાનિધ્યમાં આયોજિત 'સોમનાથ સ્વાભિમાન પર્વ' ભારતની હજારો વર્ષ જૂની સંસ્કૃતિના અખંડ પ્રવાહને આધુનિકતા સાથે જોડતો એક મહત્વપૂર્ણ રાષ્ટ્રીય સંકલ્પ બની રહેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને યોજાનાર આ કાર્યક્રમ માત્ર એક ધાર્મિક ઉત્સવ નથી, પરંતુ તે ભારતના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પુનઃજાગરણનું પ્રતીક છે. સોમનાથ મંદિરનો ઈતિહાસ સંઘર્ષ અને શ્રદ્ધાની અદ્ભુત ગાથા છે, જે દર્શાવે છે કે આસ્થાના કેન્દ્રો રાષ્ટ્રીય અસ્મિતાને કેવી રીતે



જીવંત રાખે છે.

મંદિર પરિસરમાં સ્થિત ઐતિહાસિક 'બાણસ્તંભ' આ સ્વાભિમાન પર્વ નિમિત્તે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. અરબી સમુદ્ર તરફ મુખ ધરાવતો આ સ્તંભ પ્રાચીન ભારતની અદ્યતન વૈજ્ઞાનિક અને ભૌગોલિક સમજનું જીવંત ઉદાહરણ છે. સ્તંભ પર અંકિત શ્લોક મુજબ, અહીંથી દક્ષિણ ધ્રુવ સુધી પૃથ્વીના અંત સુધી સીધી રેખામાં કોઈ પણ જમીનનો ટુકડો આવતો નથી. આ બાબત સાબિત કરે છે કે હજારો વર્ષો પહેલાં પણ ભારતના વિદ્વાનો પૃથ્વીની ભૂગોળથી સંપૂર્ણપણે પરિચિત હતા, જેના પરચા મળતા આજના યુગમાં મળતા રહે છે.

સોમનાથની ભૂમિ આક્રમણકારોના અનેક વિધ્વંસની સાક્ષી રહી છે, છતાં દર વખતે આ મંદિરનું ભવ્ય પુનઃનિર્માણ થયું છે. સોમનાથ સ્વાભિમાન પર્વ આ અવિરત સંસ્કૃતિ અને અડગ આત્મવિશ્વાસનો સંદેશ આપે છે. મંદિરના પુનઃનિર્માણથી લઈને નરેન્દ્ર મોદીના દ્રઢ સંકલ્પ સુધીની આ યાત્રા ભારતની સાંસ્કૃતિક પુનઃસ્થાપનાની સાક્ષી પૂરે છે. વડાપ્રધાનના નેતૃત્વમાં દેશભરના ઐતિહાસિક વારસાના સંરક્ષણને જે પ્રાધાન્ય મળ્યું છે, તેનાથી રાષ્ટ્રની ચેતનાને નવી ઊંચાઈ મળી છે.

# સોમનાથ : એક હજાર વર્ષ પૂર્વેની શૌર્યગાથાને શ્રદ્ધાંજલિ પાઠવાઈ

વેરાવળ, ભારતની આસ્થા, ગૌરવ અને સ્વાભિમાનના પ્રતીક એવા પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવની પાવન ભૂમિ પર એક વખત ફરી ઈતિહાસને સ્મરણ કરતો ભાવસભર ધાર્મિક પ્રસંગ સર્જાયો. પ્રભાસતીર્થના પવિત્ર ત્રિવેણી સંગમ ઘાટ પર સોમપુરા તીર્થ પુરોહિતોના માર્ગદર્શન હેઠળ એક વિશેષ ધાર્મિક આયોજન યોજાયું, જેમાં એક હજાર વર્ષ પૂર્વે સોમનાથની રક્ષા માટે પ્રાણ ન્યોચ્છાવર કરનાર શૂરવીર આત્માઓના મોક્ષાર્થે પિતૃ તર્પણ વિધિ કરવામાં આવી હતી.સોમનાથ ખાતે ઉજવાઈ રહેલા ઐતિહાસિક સ્વાભિમાન પર્વના અવસર પર મોક્ષની પાવન ભૂમિ તરીકે માન્ય ત્રિવેણી સંગમ ઘાટ પર વિશેષ ધાર્મિક અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવ્યું. પ્રભાસતીર્થ સોમનાથના સોમપુરા બ્રહ્મ સમાજના પ્રમુખ હેમલચંદ્ર ભટ્ટનીના હસ્તે શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે સવા મણ જનોઈની પ્રતીકાત્મક તર્પણ વિધિ અને પિંડદાન કરવામાં આવ્યું હતુ. વિધિ પૂર્ણ થયા બાદ પવિત્ર ત્રિવેણી સંગમમાં પિંડ પધરાવવામાં આવ્યા હતા. આ પ્રતીકાત્મક સવા મણ જનોઈને બાદમાં રાણી અહલ્યાબાઈ હોલ્કર નિર્મિત જુના સોમનાથ મહાદેવ મંદિરમાં પધરાવવામાં આવી હતી.

# રાજકોટ ડિવિઝનમાંથી ૨૦૦ વાહનો મુકાતા ગ્રામ્ય રૂટો પર અસર પડવાની શક્યતા

રાજકોટ:સોમનાથ ખાતે આયોજિત 'સોમનાથ સ્વાભિમાન પર્વ' અંતર્ગત આગામી તા.૧૧ જાન્યુઆરીના રોજ વડાપ્રધાન મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં વિવિધ કાર્યક્રમો યોજાનાર છે. આ ઐતિહાસિક પર્વમાં સહભાગી થવા ગુજરાત સહિત દેશમાંથી ઉમટી પડનારા હજારો શ્રદ્ધાળુઓની સુવિધા માટે એસટી વિભાગ દ્વારા ખાસ પરિવહન વ્યવસ્થા કરવામાં આવી છે. એસટી નિગમના સૂત્રોના જણાવ્યા મુજબ, શ્રદ્ધાળુઓને સોમનાથ પહોંચાડવા માટે સૌરાષ્ટ્રના વિવિધ ડિવિઝનોમાંથી કુલ ૧૮૦૦ જેટલી બસો ફાળવવાનું આયોજન કરાયું છે. આ આયોજન હેઠળ રાજકોટ ડિવિઝનમાંથી ૨૦૦ બસોની ફાળવણી કરવામાં આવશે.

# વિંછીયા : જૂની અદાવતમાં બે જૂથ વચ્ચે ધીંગાણું, ફાયરિંગ : ૫ આરોપીની અટક, ૪ ફરાર

**ત્રણ કાર પોલીસ કબજે કરી વીંછિયામાં પવનચક્કીના ધંધાની હરીફાઈમાં સામસામું અંધાધૂંધ ફાયરિંગ**

રાજકોટ, વીછિયાના ઓરી ગામે પવન ચક્કીના ધંધા સંકળાયેલા બે જૂથ વચ્ચે ધંધાનો ખાર રાખી સામસામે ફાયારિંગની ઘટના બનતા પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. પવનચક્કીના ધંધાની હરીફાઈમાં બે જૂથ વચ્ચે સશસ્ત્ર અથડામણમાં જાન લેવા હુમલો થતા. બનાવની ગંભીરતાને ધ્યાને લઈ જિલ્લા પોલીસ વડા વિજયાસિંહ ગુર્જર સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી જઈ પાંચ આરોપીને પકડી પાડયા હતા જયારે અન્ય ચાર આરોપીઓ નાસી છુટયા હતા તમામ વિરુધ પોલીસે રાયોટીંગ, આર્મ્સ એકટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વીછિયા પોલીસ મથકમાં ફરજ બજાવતાં એએસઆઈ ફિરોઝભાઈ બ્લોથ અને સાથેના હેડ કોન્સ્ટેબલ ક્રિપાલસીહ જાડેજા, મહેશભાઈ સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન સમઢીયાળા ગામ તરફ જવાના રસ્તે પહોંચતા ગંગાજળ ગામ તરફથી બે કાળા કલરની સ્કોર્પીયો ગાડી તથા એક સફેદ કલરની ફોર્ચ્યુનર ગાડી ફુલ સ્પીડમાં આવતી હોઈ અને શંકાસ્પદ જણાતા ત્રણેય ગાડીઓને સમઢીયાળા ગામથી વીછિયા તરફ જતા થોડે દુર અટકાવી ચેક કરતા કાળા કલરની સ્કોર્પીયો ગાડી નં. જીજે-૩૮-બીજે-૦૧૧૧ માં બે શખસો બેઠેલા હોય જેનું નામ પૂછતાં પોતાનું નામ લઘુ નાજ ધાંધલ અને સાથેના શખ્સે પોતાનું નામ પ્રતાપ વલકુ ખાચર જણાવેલુ હતું.

બીજા કાળા કલરની સ્કોર્પીયો ગાડીમાં ધ્રુવરાજ ધાંધલ તેમજ સફેદ કલરની ફોર્ચ્યુનર ગાડીમાં જયવંત ઉર્ફે જયુ ધાંધલ, રણજીત ધાંધલ બેઠા હતા ત્રણેય વાહનોની તલાસી લેતાં કાળા કલરની સ્કોર્પીયો ગાડીમાંથી બાર બોરની એક ફુટેલી કાર્ટીઝ તથા એક જીવતો કાર્ટીઝ મળી આવેલો તેમજ અન્ય કારમાંથી બે કુહાડી (ફરસી) મળી આવેલો જેથી હથીયારો બાબતે પુછતા લઘુ ધાધલે જણાવ્યું હતું કે, અમારે મોટા માત્રા ગામના કુલદિપ ખાચર સાથે વેર-ઝેર ચાલતુ હોવાથી ગઈ તા.૦૬ના સાંજના સમયે ઓરી ગામે જતા માત્રા ગામના રસ્તાથી થોડે આગળ કુલદિપ ખાચર, દેવેન્દ્ર ઉર્ફે ડેડુ બોરીચા, તથા લાલો ગોવાળીયા, જયદિપ પટગીરએ સાથે મળી અમારી ઉપર હુમલો કર્યો હતો અને તેમાં કુલદિપ ખાચરે તેની પાસે રહેલા હથિયારમાંથી અમારી ઉપર ફાયરીંગ કર્યુ હોવાથી મારી પાસે રહેલા લાયસન્સવાળા બાર બોર હથિયારમાંથી એક રાઉન્ડ ફાયરીંગ કર્યું હતું.

# રાજકોટમાં ઈડીના દરોડા : સરકારી નોકરીના બનાવટી નિમણુંકપત્રો આપવાનું ચોંકાવનારૂ કૌભાંડ ખુલવાની આશંકા




**રેલ્વે, પોસ્ટ, હાઈકોર્ટ સહિત ૪૦ જેટલા વિભાગોમાં બોગસ નિમણુંકપત્ર આપીને કરોડો રૂપિયા ખંખેરનાર ગેંગ પર તવાઈ**

રાજકોટ, સરકારી નોકરીની લાલચ આપીને સામાન્ય લોકોને કરોડો રૂપિયામાં ખંખેરવાના સનસનીખેજ બનાવમાં એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટ (ઈડી) દ્વારા આજે રાજકોટ સહિત દેશના છ રાજયોના ૧૫ શહેરોમાં મોટા પાયે દરોડા પાડવામાં આવતા સનસનાટી મચી છે. સરકારી નોકરીના બનાવટી નિમણુંકપત્રો આપવાનું ચોંકાવનારૂ કૌભાંડ ખુલવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે.

પ્રાથમિક માહિતી પ્રમાણે દેશભરમાં એક સંગઠિત બેન્ક દ્વારા સરકારી નોકરીનું વચન આપીને લોકો સાથે છેતરપીંડી કરવામાં આવતી હતી. ગેંગ દ્વારા બનાવટી કોલલેટર અને નિમણુંકપત્રો પણ આપવામાં આવતા હતા. રેલવે, પોસ્ટ, હાઈકોર્ટ, વન વિભાગ, ટેકસ ડિપાર્ટમેન્ટ, જાહેર બાંધકામ વિભાગ, બિહાર સરકાર, રાજસ્થાન સચિવાલય, દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરીટી સહિતના નામે આ ભરતી કૌભાંડ આચરવામાં આવ્યું હતું.ગેંગ દ્વારા નકલી ઈ-મેઈલ એકાઉન્ટ બનાવીને લોકોને ઓનલાઈન નકલી નિમણુંક પત્રો આપવામાં આવ્યા હતા. બનાવટી ઈ-મેઈલ એકાઉન્ટમાં સરનામા સહિતની વિગતો અસલી સરકારી વિભાગો જેવી જ લાગતી હોવાથી લોકોને વિશ્વાસ બેસી ગયો હતો. મહત્વની વાત એ છે કે છેતરપીડી આચરનાર ગેંગે કેટલાક વ્યકિતઓના ખાતામાં બે થી ત્રણ મહિનાનો પગાર પણ જમા કરાવ્યો હતો.

રેલ્વેમાં આરપીએફ ટીટીઈ તથા ટેકનીશ્યન જેવા હોદાના પણ નિમણુંકપત્ર આપી દેવામાં આવ્યા હતા. આ સનસનીખેજ કૌભાંડ અંગે આજે ઈડીએ ગુજરાત, બિહાર, બંગાળ, ઉત્તરપ્રદેશ, તામિલનાડુ અને કેરળમાં સામુહિક ઓપરેશન હાથ ધર્યુ છે.આ છ રાજયના ૧૫ શહેરોમાં દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગુજરાતમાં રાજકોટ, ઉતરપ્રદેશમાં ગોરખપુર, અલ્હાબાદ અને લખનઉ, બિહારમાં મુઝફરપુર અને મોતિહારી, પ.બંગાળમાં કોલકતા, તામિલનાડુમાં ચેન્નાઈ અને કેરળમાં જુદા જુદા શહેરોમાં દરોડા પાડવામાં આવ્યા છે. રાજકોટમાં રેલ્વેમાં બોગસ ભરતીના મામલે તપાસ હોવાની ચર્ચા છે. જોકે રેલ્વે અધિકારીઓ તેનો ઈન્કાર કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રમાં હિમ જેવી ઠંડી: રાજકોટ ૧૦.૧ ડિગ્રી- નલિયા ૯ ડિગ્રી

રાજકોટ, ગુજરાત સહિત સમગ્ર ઉત્તર ભારતમાં અત્યારે હાડ થીજવતી ઠંડી પડી રહી છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના વિવિધ શહેરોમાં લઘુતમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. કચ્છનું નલિયા ૯ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે રાજ્યનું સૌથી ઠંડું શહેર નોંધાયું છે. આ સિવાય રાજકોટમાં ૧૦.૧ ડિગ્રી, ડીસામાં ૧૧.૪ ડિગ્રી અને અમરેલીમાં ૧૧.૬ ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહેતા પરોઢિયે કડકડતી ઠંડીનો અનુભવ થયો હતો. અમદાવાદમાં પણ પારો ૧૪.૪ ડિગ્રી સુધી ગગડ્યો છે, જ્યારે ગાંધીનગરમાં ૧૩.૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું છે.

બીજી તરફ, દિલ્હી-એનસીઆર સહિત સમગ્ર ઉત્તર ભારત અત્યારે ભીષણ ઠંડી અને શીતલહેરની ઝપેટમાં છે. પહાડોથી લઈને મેદાની વિસ્તારો સુધી હાડ થીજવતી ઠંડીને કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે. હવામાન વિભાગની આગાહી મુજબ, ૯ જાન્યુઆરીએ દિલ્હી, હરિયાણા અને પંજાબમાં ગાઢ ધુમ્મસની સાથે શીતલહેરનો પ્રકોપ યથાવત રહેશે. ઠંડીથી બચવા માટે વહીવટીતંત્ર દ્વારા ઠેર-ઠેર રેન બસેરા બનાવવામાં આવ્યા છે, જ્યાં નિરાધાર લોકો આશરો લઈ રહ્યા છે.

# જંગલેશ્ર્વરના ૧૩૫૦ દબાણકર્તાઓનું બીજું હિયરિંગ: રહીશો માલિકી હક સાબિત કરવા માટે ઉમટ્યા

## આસામી પોતાની માલિકીના નક્કર પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ જશે, તો તેમની પાસેથી જમીન ખાલી કરાવવામાં આવશે

રાજકોટ:રાજકોટ શહેરની મધ્યમાંથી પસાર થતી આજી નદીના કાંઠાને સાબરમતી રિવરફ્રન્ટ જેવો આધુનિક ઓપ આપવા માટે વહીવટી તંત્રએ કમર કસી છે. આ પ્રોજેક્ટના અમલીકરણ માટે જંગલેશ્વર વિસ્તારમાં સરકારી જમીન પર વર્ષોથી જામી ગયેલા ૧૩૫૦ જેટલા રહેણાંક અને વ્યાવસાયિક દબાણો દૂર કરવાની પ્રક્રિયા તેજ બનાવવામાં આવી છે. આજે ગુરુવારથી પૂર્વ મામલતદાર કચેરી ખાતે આ આસામીઓનું બીજું હિયરિંગ શરૂ થતા જ લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

અગાઉ જ્યારે હિયરિંગ હતું ત્યારે ૫૯૦માંથી ૪૧૬ હાજર રહ્યા જ્યારે બીજા દિવસે ૫૪૦માંથી ૨૫૦ પરિવારો આવ્યા અને ત્રીજા દિવસે ૨૫૦ પરિવારોમાંથી ૧૭૦ અસરગ્રસ્તો આધાર પુરાવા લાવ્યા હતા આમ ત્રણ દિવસમાં કુલ ૮૩૬ અસરગ્રસ્તોને મામલતદારે સાંભળ્યા હતા. જો કે, હજુ કોઈ પરિવાર નક્કર આધાર-પુરાવા રજૂ કરવામાં સફળ રહ્યા હતા તેથી ફરી નોટિસ અપાઈ હતી. તંત્ર દ્વારા બીજી વખત નોટિસ આપ્યા બાદ આજે ૮ જાન્યુઆરીના રોજ હિયરિંગ રાખવામાં આવ્યું હતું. જંગલેશ્વરના રહીશો પોતાના મકાન કે દુકાનના માલિકી હક સાબિત કરવા માટે લાઈટ બિલ, મ્યુનિસિપલ વેરા બિલ, રેશનિંગ કાર્ડ અને આધાર કાર્ડ જેવા દસ્તાવેજો સાથે પૂર્વ મામલતદાર કચેરી પહોંચ્યા હતા. કચેરી બહાર લોકોની લાંબી કતારો જોવા મળી હતી અને વાતાવરણમાં ચિંતા અને અજંપો જોવા મળ્યો હતો. પૂર્વ મામલતદાર નિલેશ અજમેરાએ જણાવ્યું હતું કે, આ તમામ આસામીઓને લેન્ડ રેવન્યુ એક્ટની કલમ ૬૧ હેઠળ નોટિસ આપવામાં આવી છે. જો કોઈ આસામી પોતાની માલિકીના નક્કર પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ જશે, તો તેમને કલમ ૨૦૨ હેઠળ અંતિમ નોટિસ પાઠવી જમીન ખાલી કરાવવામાં આવશે.



નોટિસની મુદત પૂર્ણ થયા બાદ તંત્ર દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે મેગા ડિમોલિશન હાથ ધરી આજી નદીનો કાંઠો ખુલ્લો કરવામાં આવશે.